

Rs.5/-

Shree Swaminarayan (Gujarati Monthaly)

# श्री स्वामिनारायण

માસિક


પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૭ ● ઓક્ટોબર ૨૦૨૪

Volume no. 18, Issue No. 207 October 2024



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001












દર પૂનમે અમદાવાદ મંદિરમાં થતી સત્સંગ સભામાં યજમાન પરિવાર સાથે વ્યાસપીઠનું પૂજન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સભાને આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦



# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર






વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૭ ● ઓક્ટોબર-૨૦૨૪


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | મહેમાનને પાણી પીવડાવો | ૦૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન | ૦૮ |
| ૦૫. | સાદરા-વાસણા દેશ - આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી | ૧૫ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૬ |
| ૦૮. | પ્રેરણાસ્ત્રોત્ર | ૧૮ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૨૧ |

# અસ્મદીયમ્

ચોમાસાના ચાર મહિના, ચાતુર્માસ આ ચાર મહિનામાં સંતો-હરિભક્તોને તપ કરવાની પ્રીતિ થાય, એક ટાણા કરે, ઉપવાસ કરે. આખો મહિનો કે ચારે માસ ધારણા-પારણા કરે, આ તપ છે. તપથી વૈરાગ્ય આવવો જોઈએ. મારે આના સિવાય ચાલે, મારે આની જરૂર નથી, ઓશીકાની કાંઈ જરૂર નથી, મારો હાથ, ઓશીકું જ છે ને. આમ 'હું' અને 'મારું' મટે. ધીમે ધીમે વૈરાગ્ય આવવા માંડે. ભગવાનમાં વૃત્તિ જોડાવા માંડે. હું અને મારું મટે એટલે હરિ ઢૂંકડા.

વ્રત, ઉપવાસ કરીને ધીમે ધીમે વૈરાગ્ય લાવવાનો છે. આ માયા અને મારું-તારું છોડવાનો સમય આવે એ જોવાનું છે, મહારાજે ખાવા-પીવાનું તો આપ્યું છે. બધી ચિંતા-ખોટી માયા-છોડી વૃત્તિને ભગવાનમાં વાળવાની છે.

જેટલી ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારશો અને એમાં વૃત્તિને જોડી દેશો એ આનંદ અનેરો છે. આ ધન, માલ-મિલ્કત બંગલા વધે એનો આનંદ સાશ્વત નથી.

આપણા હૃદયમાં ભગવાન હંમેશા બિરાજે એ જ આપણા માટે દિવાળી છે. જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય કરનાર ભગવાન કાળના પણ નિયંતા છે.

આ મનુષ્ય જીવન મહામુલૂ છે. આવ્યા છીએ તો એમને એમ જવાનું નથી. જીવનને સાર્થક કરવાનું છે. ભગવાનને કેન્દ્રમાં રાખી તપ કરીએ, તપથી વૈરાગ્ય આવે. પછી આ માયા વળગે નહિ. આમાં મારું કાંઈ નથી એમ થાય એટલે હરિ ઢૂંકડા.

જેટલા ભગવાનના થઈને રહીશું એટલો જીવનમાં આનંદ રહેશે. જેને જે કરવું હોય તે ભલે કરે ! મને તો મારા ભગવાન રસ્તો બતાવીને ગયા છે. બસ ! એ માર્ગે ચાલ્યા જવાનું. મારે તો બસ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ.....

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**



શ્રી સ્વામિનારાયણ

# તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૨૪)

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, શ્રી ગણેશ ચતુર્થીના પૂજન-આરતી કરવા પધાર્યા.

૧૪ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડામાં પધાર્યા.

૧૮ પૂનમની સત્સંગ સભામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

૨૮-૩ અમરિકાના I.S.S.O. ના કોલોનિયા અને ડીટ્રોઈટ મંદિરના પાટો. પ્રસંગે તથા મંદિરો-ચેપ્ટરોમાં સત્સંગ સભા કરી સ્વદેશ આગમન.

૧૪ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડામાં પધાર્યા.





# મહેમાનને પાણી પીવડાવો

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી સંસ્કૃતિની પરંપરામાં બહાર ગામથી મહેમાન આવે ત્યારે તુરત તેને શીતળ જળ પીવડાવવામાં આવે છે. પહેલાના જમાનામાં લોકો પગપાળા ચાલીને બહાર ગામ જતા ત્યારે તો આવતા વેંતજ તેને ગોળના ટુકડા સાથે જળપાન કરાવતા. આગંતુક જાણીતો કે અજાણ્યો જે કોઈ આવે ત્યારે તેને પાણી અવશ્ય પીવડાવે. બીજી કોઈ આગતા સ્વાગતમાં પૂછીને પછી આપે, કોઈને અલ્પાહાર કે ભોજન વિગેરે. પણ મહેમાનને પાણીનો લોટો તો ઘરમાંથી લાવીને મહેમાન બેસે તેની સાથે આગળ મુકવામાં આવે છે. જ્યારે આપણે ત્યાં મહેમાન આવે ત્યારે એવો વિચાર આવે છે કે મહેમાનને તરસ લાગી હશે. રસ્તામાં પાણી નહીં મળ્યું હોય, તેને તરસ ખૂબજ લાગી હશે એટલે પહેલાં તો કોઈ પણ બીજો વિચાર કરતાં પ્રથમ જળપાન કરાવીને મહેમાનને સંતુષ્ટ ખુશ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આદિ અનાદિ કાળની પરંપરાનો આજે જમાનો ઘણો બદલાઈ ગયો છે. પગપાળાને બદલે શક્તિ મુજબ વાહન વ્યવહાર સરળ બની ગયો છે. ઘરના દરવાજે ગાડી આવીને ઉભી રહી જાય છે અથવા પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કર્યો હોય તો પણ હવે, ચાલવું પડે એવી સ્થિતિ લગભગ રહી નથી. માત્ર ગામની ભાગોળથી કે સોસાયટીના નાકેથી જ માત્ર ચાલવાનું રહ્યું છે અને આવનાર મહેમાનને રસ્તામાં ક્યાંય પાણી મળ્યું ન હોય તેવું પણ જરાય રહ્યું નથી. હવે તો વોટર બેગ પાણીની બોટલ સાથે જ રાખે છે. આ બધી સુવિધાઓ ખૂબજ હોવા છતાં કોઈ મહેમાનને તરસ લાગી હોય અને તેને જુદું પાણી આપવુ પડશે એવું રહ્યુ નથી. તો પણ આજના સમયે આધુનિક એડવાન્સ હાઈફાઈ પરોણો એટલે કે મહેમાન જ્યારે આપણા ઘરમાં પગ મૂકે ત્યારે તેને હજી તો કોઈ બીજી ચર્ચા વાત કારણ પૂછતા પહેલા સૌ પ્રથમ ‘‘પાણી પીઓ’’ તરત ઘરધણી તેને જાતે જ અથવા ઘરની જેવી વ્યવસ્થા હોય તે રીતે પાણી જલપાન કરાવવામાં આવે છે. આધુનિક મહેમાનના હાથમાં પાણીની બોટલ હોવા છતાં ઘરધણી એકવાર તો તેની સાથે જળનો ગ્લાસ મુકી દે છે. ત્યાર પછી જે કોઈ વાતચિત હોય તેનો વિસ્તાર થાય. આશ્ચર્ય એ થાય છે કે, હવેના સમયમાં મહેમાનને પાણીની કોઈ તુરત જરૂર નથી છતાં રિવાજમાં કોઈ ફેરફાર સુધારો બદલાવ થયો નથી. આજે પણ પાણીનો ગ્લાસ તુરત આવી જાય છે. આ વિષય ખૂબજ જાણવા જેવો છે. આ રિવાજની પાછળ સંશોધન કરવું પડે તેમ છે. આપણી સંસ્કૃતિના રીતિ રિવાજો વ્યવસ્થા સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે નક્કી કરવામાં આવેલા છે. આપણા પૂર્વજો અને ઋષિમુનિઓનું જ્ઞાન આજના યુગ કરતાં અનેક ઘણું શ્રેષ્ઠ હતું. તેઓની દ્રષ્ટિમાં દિવ્યતા હતી. આજે આપણે જે યંત્રના માધ્યમથી દૂરનું જોઈ શકીએ છીએ. તેઓને કુદરતી દ્રષ્ટિ નિરાવરણ હતી. આવનાર મહેમાન અને ઘરધણીના બન્નેના હિતમાં રીતિ રિવાજો શરુ કરવામાં આવેલા છે. આપણા ઋષિ મુનિઓ કહે છે કે, બહારથી આવતા મહેમાન માર્ગમાં અકારાત્મ અને નકારાત્મક આવરણોને પાર કરીને આવે છે. વચમાં માત્ર પહાડ ખાડા કે ટેકરા નહી પરંતુ આ ધરતી ઉપર સ્થૂળ અને સુક્ષ્મ શક્તિઓના આવરણ હોય છે. જેમ દેશ દેશાંતરની સીમાઓના આવરણો આજે આપણે જોઈએ છીએ. એક દેશમાંથી બીજા દેશમાં જવું હોય તો તે દેશના

રાજાની સહમતી જોઈએ. દરેકના સીમાડા નક્કી હોય તેમ સ્થૂળ અને સુક્ષ્મ આવરણો ધરતી ઉપર હોય છે. આદિ યુગમાં રાજા રજવાડાઓના સ્થૂળ આવરણો હતા તેમજ સુર-અસુર, સાત્વિક, મલિન, તંત્ર, મંત્ર, જંત્ર, ભૂત પ્રેત, આસુરી અને આધ્યાત્મિક સુક્ષ્મ રીતે શક્તિશાળીઓએ પોતાના કબજા કરી રાખ્યા હોય છે. તેમાં પ્રવેશ કરવા તેઓની સહમતિ વિના અધિકાર મળતો નથી.

પરંતુ માનવ શરીર અન્ય દેહ કરતાં શ્રેષ્ઠ કહ્યો છે. સુક્ષ્મ સૃષ્ટિના આવરણો માનવ સૃષ્ટિને તેમના અધિકાર વિસ્તારમાં પસાર થવા રોકી શકતા નથી. પરંતુ તે સકારાત્મક ને નકારાત્મક ઉર્જા તેને પરેશાન તો અવશ્ય કરી શકે છે. આવનાર મહેમાન આવા અનેક સંજોગોમાંથી પસાર થઈને આપણા ઘરમાં આવે ત્યારે તેની જે અસરના નિવારણ માટે અને તે મહેમાનની નકારાત્મક ઉર્જા આપણા ઘરને અભડાવે નહિ અથવા દુષિત કરે નહિ તે માટે આપણા પૂર્વજોએ સરળ ઉપાય શીખવાડ્યો કે તેને શિતળ જળ પીવડાવો એટલે તેના મુસાફરીના માર્ગમાં આવતા સંપૂર્ણ દોષ માત્ર જળપાનથી જ શાંત થઈ જાય છે.

એટલે આપણા ત્યાં કોઈ મહેમાન કે મિત્ર કે શત્રુ ઘરમાં આવે ત્યારે તેને જળપાન અવશ્ય કરાવજો. કદાચ તેને તરસ લાગી ન હોય તો પણ પાણીનો ગ્લાસ ભરીને તેની સામે મુકી દેવો. પછી તે મહાનુભાવશ્રી વિદાય લે પછી તે પાણી બહાર અથવા ગટરમાં ઢોળી દેવું. કેમ કે તે આદરણીયશ્રી નકારાત્મક ઉર્જા જળમાં મુકીને જાય છે. આપણી જુની કહેવત છે કે ‘‘પેલા ભાઈએ તો અમને પાણીનો પણ ભાવ ન પૂછ્યો.’’ સત્સંગીના ઘરના ગોળાનું જે કોઈ આવનાર પીવે તેનું પણ કલ્યાણ આપણા સંપ્રદાયની વાતો ગ્રંથોમાં લખ્યું છે. હવે બોલો તમે મહેમાનને પાણી તો પીવડાવશો ને જરૂર. ઘર હોય, વ્યવહારનું સ્થાન કે ઓફિસ અથવા કારખાનું હોય કે સાર્વજનિક સ્થાન હોય ત્યાં જરૂર પાણીની સગવડ રાખવી.

સગાં નજીકના હોય કે દૂરના પણ આટલું કરશો તો તમારું આવાસ સુરક્ષિત રહેશે.

પણ ધ્યાન રાખજો, આ બધુંય આવનાર મહેમાનને કહી ના દેતા. નહિ તો વાત બગડી જશે. માત્ર મનમાં સમજી રાખજો.

**નવા વર્ષના કેલેન્ડર-દટ્ટા પ્રકાશિત થઈ ગયા છે વહેલાસર મેળવી લેવા**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા અને તેમણે જ પસંદ કરેલ અલૌકિક દર્શનીય સુંદર નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે. (આપણા નાના-મોટા દરેક મંદિરોએ આજ કેલેન્ડર બનાવવામાં આવશે જેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર રહેશે નહી) આપણા મંદિરમાં પ્રાપ્ત થશે. સાથે નવા વર્ષના સુંદર દટ્ટા પણ પ્રકાશિત થઈ ગયા છે. વહેલાસર મેળવી લેવા તથા મંદિરના માટે જે હરિભક્તોને કેલેન્ડર બનાવવા હોય તેમણે નીચેના મોબાઈલ પર સંપર્ક કરવો.

**કાલુપુર મંદિર કોઠાર ઓફિસ**
બાલુ સ્વામી મો. : ૯૪૨૭૦૭૦૩૭૧
શ્રી સુરેશભાઈ મો. : ૯૧૭૩૦૮૯૦૩૦
શ્રી જમાલભાઈ મો. : ૭૯૯૦૫૧૯૪૭૮
કેલેન્ડરની કિંમત રૂા. ૮-૦૦ મંદિર માટે

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ**
શ્રી વિપુલભાઈ મો. : ૯૭૨૫૪૪૯૨૮૮
શ્રી પ્રયાગભાઈ મો. : ૯૪૨૯૦૬૭૫૮૪
જાહેરાત માટેની કિંમત રૂા. ૧૦-૦૦

શ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી

# આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ધોળકાના ૧૯૭ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૨૮-૫-૨૪ :** આશીર્વાદ તો ભગવાન આપે છે. જેના થકી હું છું, તમે છો. આપણે બધા છીએ. આમેય ખીસું તો છે નહી આશીર્વાદ મૂકવાનું, લેવાનું છે.

**મોરલી મનોહરદેવ, જે દેવની મહારાજે પોતે પ્રતિષ્ઠા કરી છે.** હમણા ભૂજમાં વાત કરી હતી. સમય સંજોગો પ્રમાણે ક્યાંક ચાલતું હોય કે આટલા મંદિરો છે, આટલા મંદિરો છે. પરંતુ **વાસ્તવિકતા એ છે કે, વિહારીલાલજી મહારાજના પહેલા ત્રણ વર્ષ સુધીના વડતાલ દેશના જેટલા નિર્ણય છે તેટલા નિર્ણયમાં ધોળકા મંદિરની પ્રતિષ્ઠા લખેલી છે.**

ગોપાળાનંદ સ્વામીનો પત્ર જે આપણા મ્યુઝિયમમાં છે. પણ તકલીફ એ છે કે, આ ડબલા (મોબાઈલ) આવ્યા એમાં બધા ખોવાઈ ગયા છે. આખો દિવસ મેસેજ મોકલ્યા કરે. સવારમાં ઉઠીને ખોલીએ એટલે જય સ્વામિનારાયણ. એય પાછું ફોરવર્ડ કરેલું હોય ! તું તારી જાતે એક મણકો વ્યવસ્થિત ફેરવે તોય બહુ થઈ ગયું, માળા તો એક બાજુ રહી ! મેં તો નક્કી જ કર્યું છે કે જય સ્વામિનારાયણ મોકલે એટલે બ્લોક જ કરી દેવાનું. **આપણે કીધે ભગવાનની જય થઈ જવાની છે કે ભગવાન થકી આપણી જય થવાની છે !** હા, એક બીજા મળતા હોય અને કંઈક સારું નરસું હોય ત્યારે સંબોધન માટે ગુડ મોર્નિંગ ન કહેવાય, ત્યારે તો ભગવાનનું નામ લેવાય. કોઈ જય માતાજી કહે, કોઈ જે શ્રી કૃષ્ણ કહે, આપણે જય સ્વામિનારાયણ કહીએ, એ ગમે તે કહો, ખરાબ ન લાગે. એ એક શિષ્ટાચાર થયો.

મહારાજ અંતર્ધાન થયા ત્યાર પછી લગભગ આઠ-નવ મહિના પછીનો પત્ર કે જે અયોધ્યાપ્રસાદજી દાદાને સંબોધીને લખાવેલો છે અને એ સમયે અયોધ્યાપ્રસાદજી દાદા વડતાલમાં હતા. એ પત્ર



આપણા 'શ્રી સ્વામિનારાયણ' માસિકમાં છપાયેલો છે. જે આપણે વાંચવાની તકલીફ લેતા નથી. આ બધો ઈતિહાસ આપણી પાસે છે અને એજ આપણી ધરોહર છે. બીજી જગ્યાએ જાવ તો દંત કથાઓ બહુ મળશે. પ્રસાદીના તીર્થધામમાં તમે જાવ તો આજુબાજુ કેટલા ગોખલા હોય ! જોયા છે ને તમે ? અહીં ભગવાન આમ બેઠા હતા, પલાંઠી વાળીને બેઠા હતા. અહીં પગ મૂક્યો હતો, ભગવાનને જાણે કે બીજું કંઈ કામ જ નથી ! પણ આવી બધી દંતકથાઓથી લોકોનું ચાલે છે. હનુમાનગઢી પ્રસાદીની અનાદિકાળથી છે. એ વાસ્તવિકતા છે પણ તેની આજુબાજુ કેટલો મસાલો છે ! ઉપાડી જાય તમને, પછી કહે, અહીં આમ કરો તો આમ થશે. કોઈ નબળા જીવના હોય તો માની જાય, બીકણ પણ હોય ને ઘણા ? બહેનો સાથે હોય તો તરત તેવાની વાતમાં આવી જાય અને બોલી દે, કહે છે તો કરો ને, કંઈ ખોટું ન થઈ જાય આપણું ! દુનિયામાં ચાલે છે આવું !

**પણ આપણી પાસે એક એક વસ્તુનો નંદ સંતોએ લખેલો ઈતિહાસ છે. સત્સંગિભૂષણ હોય, સત્સંગિજીવન હોય કે આધારાનંદ સ્વામીનો ગ્રંથ હોય, જેમાં મહારાજની રોજનીશી લખેલી છે. રોજે રોજની ડાયરી છે.** મહારાજ કેવી રીતે હસતા, બોલતા, ચાલતા, ક્યારે ઉઠ્યા, ક્યારે સૂતા, ક્યારે ક્યાં શું જમ્યા, ક્યા સંતો જોડે વાત કરી અને શું વાત કરી, ક્યાં ક્યાં કેવા કેવા ઉત્સવ કર્યા, આ બધો ઈતિહાસ આપણી પાસે છે અને તેનાથી આપણે ગર્વાન્વિત છીએ.

શુકમુનિ મહારાજ સતાના લહિયા સંત હતા. લખવાની સેવા કરે એને લહિયા કહેવાય. એ ટાઈમે પ્રિન્ટવાળા કે ટાઈપ રાઈટર નહોતા. આજના જેવી પેનો કે તૈયાર શાહી પણ નહોતી. વનસ્પતિમાંથી શાહી બનાવે અને તેનો કલમ દ્વારા ઉપયોગ કરીને લખે.

**ગોપાળાનંદ સ્વામીનો આ પત્ર મુક્તમુનિએ શુકમુનિ દ્વારા લખાવેલ, જેમાં સ્પષ્ટપણે લખ્યું છે કે ધોળકે જે મૂર્તિ છે એ તો મહારાજની સ્પર્શ કરેલી, સેવા કરેલી પ્રસાદીની મૂર્તિ છે.** અયોધ્યાપ્રસાદજી દાદાને તો ખબર જ હોય પણ આ એક પત્ર વ્યવહાર છે, તેમાં આ ઉલ્લેખ છે. એ સિવાય બીજું પણ તેમાં લખેલ છે. આ મેં પહેલા કીધું હતું. પણ બધાના ક્યાંક ક્યાંક ગેર ફસાઈ જતા હોય છે. હું ભુજ હતો, નક્કી કર્યું કે ધોળકા જવું છે. **મહારાજે જેની આરતી ઉતારી હોય, થાળ ધરાવ્યા હોય, સ્પર્શ કર્યો હોય, સેવા કરી હોય એવી પ્રસાદીની મૂર્તિના દર્શન-અભિષેકનો લાભ મળે ક્યાંથી ?** એટલે હું સીધો અહીં આવ્યો છું.

હવે આનાથી આગળ જાવ તો ઈ.સ. ૧૯૫૦ માં ભારત દેશનું બંધારણ આવ્યું. આ બધી વાત હું પ્રતિપાદન કરવા નથી કરતો પણ દરેકને જાણ થાય તે માટે કરું છું. માટે વિડીયો ફેરવજો. વાયરલ થાય તો બધાને ખબર પડે. આમેય જાતજાતનું ફરતું હોય છે. મને મહંત સ્વામીએ એકાદશીનું મોકલ્યું હતું. ફરાળી લોટમાં ભેળસેળનું, આડું અવળું બોલવું એના કરતા સ્પષ્ટ બોલવામાં મજા છે. હરિપ્રિય સ્વામીએ સરઢવમાં કથા સરસ કરી. એ અને એમના ગુરુ ઈતિહાસ જાણે છે. ઈતિહાસ જાણતા હોય એની આગળ વાત કરવાની મઝા આવે. ઈ.સ. ૧૯૪૭ માં દેશ આઝાદ થયો. આઝાદ થયો ? આઝાદી મળી એવું કહે છે. ચલોને મળી ! પછી ૧૯૫૦માં ટ્રસ્ટ એકટ આવ્યો. ગુજરાત અને મહારાષ્ટ્ર એક હતું. મહા ગુજરાત હતું. ત્યારે જે Property (મિલ્કત) હોય તેનું Disclosure(ખુલ્લું પાડી દેવું તે) થયેલું. **પહેલા, આચાર્યની આ બધી Property હતી અને આજે પણ દેશ વિભાગના લેખ પ્રમાણે આ બધા મંદિરો, લતા-વેલી, કાંટા-કાંકરા વગેરે જે કંઈ હોય તે આચાર્યની વ્યક્તિગત મિલ્કત છે. તેમાં કોઈ સાધુ, બ્રહ્મચારી, પાળા કે હરિ ભગતે હક દાવો કરવો નહી આવું લખેલું છે. પણ અમારે કંઈ જોઈતું નથી.** હખણા રહીશું તો બે ટંકથી વધારે શું જોઈએ છે ? જેણે ખાધું છે તેને ડાયાબિટીસ, કોલેસ્ટ્રીરોલ થયા છે. બીજું શું થાય ? પણ **એ સમયે Voluntary (ઐચ્છિક) Disclosure ની જે સ્કીમ છે એના ઉપર સુપ્રિમ કોર્ટને O/C ઈન્વર્ડ નંબર લખેલા કાગળની કોપી આપણી પાસે છે. કહો તો દેખાડશું. એમાં આપણા નવ મંદિરો પૈકી ધોળકા મંદિરનો ઉલ્લેખ કરેલો છે.** હકીકત એ છે કે આ બાબતની આપણને ખબર નથી. આ વસ્તુ આપણે લોકોને કહેવાની છે. જાણ કરવાની છે. આપણે જ દુબળા-ગરીબ થઈને બેસી જઈશું તો બીજાને શું કહીશું ? ખુમારી હોવી જોઈએ. આજે

ભગવાન જેવા ભગવાન મળ્યા છે. આવા દેવ મળ્યા છે તો પછી બીજું બાકી રહે છે શું?

આપણે ભાગ્યશાળી છીએ. **સૌ પ્રથમ અમદાવાદ મંદિર થયું, પછી મૂળી થયું. જેનો ૨૦૦ વર્ષનો ઉત્સવ હમણા આપણે ઉજવ્યો. જે છ મંદિરમાં આવતું નથી. વિડિયો વાયરલ કરજો, વિડિયો ચલાવજો. જેને જેને દુઃખ થાય એને થવા દેજો. સુખી થવું હોય એ સુખી થાય. હું Proof (સાબિતી) સાથે આપીશ.** મૂળીના રામાભાઈ રાજાએ પ્રાર્થના કરી. એમના ઘેરથી હતા એ સત્સંગના ખપ વાળા સત્સંગી હતા. મહારાજ માંડવરાયજીના મંદિરે બન્ને બાજુ હાથી ઉપર હાથ લંબાવીને ઉભા રહ્યા. હાથ પહોંચે એવું નથી. પણ ઈતિહાસમાં છે એટલે મૂળી થયું. (મૂળી પ્રતિષ્ઠા મહોત્સવ સ.જી.પ્ર.૪, અ.-૪૪) **પછી ભુજ થયું. પછી વડતાલ આવે, પછી જેતલપુર આવે પછી ધોલેરા, ધોળકા, જુનાગઢ અને છેલ્લે ગઢડા. આ બધો ઈતિહાસ છે.**

આમેય આપણે પહેલા થોડા ગરીબ તો હતા જ! ઉજ્જડ પ્રાંત ઝાલાવાડ, કચ્છ, અમદાવાદ અને એમાં ઉત્તર ગુજરાતમાં માંડ માંડ બરકત હતી પણ ગાંધીનગર આવી ગયુ એ સારું થયું. **વાત એવી થાય છે કે અયોધ્યાપ્રસાદજી દાદા ઉદાસ થઈ ગયા પણ એવું નહોતું. વાસ્તવિકતાએ છે કે મહારાજે વિભાગની વાત કરી અને પછી મહારાજે જ સામેથી કહ્યું હતું કે આ સુકું નથી, હું તમારા ભેગો છું.** તમે વિચાર કરો, અયોધ્યાપ્રસાદજી દાદા જે પૂજા કરતા હતા તે આપણા જેવી સાડા ત્રણ મિનિટની પૂજા નહોતી. દાદા માળા ફેરવવાની સાથે કલાક-દોઢ કલાકની વ્યવસ્થિત પૂજા કરતા. પૂજા પૂરી થયા પછી પાર્ષદને કહે કે જુઓને, બરડામાં કંઈ કરડે છે. ત્યારે પાર્ષદ ખેસ લઈને જુવે છે તો મોટો વીંછી હતો અને એ વીંછીએ ડંખ મારેલા. **મહારાજની સાથે એકાત્મતા સાધીને, દેહની વિસ્મૃતિ સાથે આવી રીતે જે પૂજા કરતા હોય એ સૂકા પ્રદેશથી દુઃખી થઈ જાય ?** કેવી હડેલી વાત છે! ઢાંકણીમાં પણ પાણી ના લેવું જોઈએ?

પુસ્તક વાંચો છો, મહંત સ્વામી! પત્ર છે? ક્યો પત્ર છે? લાવો, આ પત્ર તો વિવાદસ્પદ ભૂકા બોલાવી નાખે એવો છે. વાંચીએ તો ઘણાને આંચકા આવી જાય આગળ નથી બોલતો. આપણે કોઈનો વિરોધ નથી કરતા પણ મારો નિયમ એટલો છે કે કોઈની શ્રધ્ધાને ઠેસ નથી પહોંચાડવી પણ તમે કોઈનું નીચું કરો નહી. **મહારાજે કહ્યું છે કે ભગવાનને ભગવાનના અવતાર તેનું ક્યાંય પણ ખંડન થતું હોય તો તેમાં ભાગ લેવો નહી. જવાબ આપી દેવો, નહીં તો ત્યાંથી જતું રહેવું.** ઉપવાસ કરવો. ફરાળી લોટ વાળો નહી. ભૂખે મરી જવું. સાચી વાત છે ને ? આ પત્ર વાંચીશ તો બીજું ઘણું થશે. બીજા ઘણા પ્રશ્નો ઉભા થાય. બીજાને પેટમાં દુઃખે, કહેવા યોગ્ય હતું એ કહી દીધું છે. જેને વાંચવો હોય એ એક બાજુ બેસીને વાંચી લેજો. આપણને જાણકારી હોવી જોઈએ. આપણા બાપ કોણ છે ? ક્યાંથી આવ્યા છે?

**ઈતિહાસ બહુ વાગોળવો નહી અને ઈતિહાસ ભૂલવો પણ નહી. તો વર્તમાનમાં સુખી રહેવાય.** આપણે યુવાનોને વારંવાર એમ કહીએ કે અમે ખેતરમાં પાણી વાળતા હતા, આમ કરતા હતા, તેમ કરતા હતા. તો કહેશે. મેલો ને સાલ! કરતા હતા તો કરતા હતા. ઘેર ગયું! રોજ ઉઠીને શું એકની એક પંચાત! તમારા સમયનું તમે કર્યું. અમારા સમયનું સુખ અમને લેવા દો. આજે ગાડીમાં ફરીએ છીએ. **ભૂતકાળમાં સાયકલની ચેઈન નીકળી જતી, તેલ ઉંગીને જવું પડતું હતું. એ યાદ હોય તો ગાડીનું સુખ આવે પણ બીજાની જાડા પૈડાવાળી ગાડી જોઈને ઈર્ષ્યા થાય તો આપણી પોતાની ગાડીનું સુખ ન આવે.** બાપજી મને ઘણી વાર જૂની વાતો કરે. હું તો સાંભળું છું. કંઈક નવું જાણવા મળે. **વડીલો અને ગઢીયા પાસે અનુભવનું જ્ઞાન હોય છે. તેમની પાસે બેસવાથી ઈતિહાસ મળે.** નાનામાં નાના દીકરા પાસેથી પણ શીખવાનું મળે. **ગુણબુદ્ધિ રાખીએ તો સત્સંગમાં સુખી થવાય.**

તમારા બધાના સાથ સહકારથી આ મહંત સ્વામી એસ.એસ. સ્વામીએ બધું Develop (વિકાસ) કર્યું છે. લીલું થઈ ગયું છે. ઉતારા થયા ત્યારે હું આવ્યો હતો. અને હજુ થશે. બધું થવાનું છે. હું પણ આવવાનો જ છું. ચોમાસું પુરુ થાય એટલે ગામો ગામ ઝપાટો બોલાવવાનો છે. **મૂળિયા જનની જન્મભૂમિ સ સ્વર્ગાદપિ ગરસ્યસિ. માતૃ ભૂમિ ભૂલવી જોઈએ નહી.**

**મહારાજની જન્મભૂમિ છપૈયા સર્વ શ્રેષ્ઠ ધામ છે. ૨૨૦ કરોડનો પ્રોજેક્ટ ચાલે છે. ભગવાનના ભક્તો તો ત્યાં જાય છે. પણ ગામ આખાની નોટો પણ ત્યાં જાય છે. ભગવાન બનીને બેઠા હોય એય ત્યાં આવે છે. પછી ભલેને પોતાના ફોટા મૂકીને પોતાની આરતી ઉતારતા હોય પણ છપૈયા આવ્યા વિના છૂટકારો નથી. કારણ કે એનેય અંદરથી બીક તો હોય ને ! એ જન્મસ્થાન આપણી પાસે છે. નરનારાયણદેવ આપણી પાસે છે. આવા ભગવાન (મોરલી મનોહરદેવ) આપણી પાસે છે. બાકી શું રહ્યું ?** બાકી કંઈ છે જ નહી. એટલે આનંદમાં રહેવું, મર્યાદામાં રહીને.

**આપણા ભાગ્યમાં આટલું નહોતું લખ્યું પણ સુખી થઈ ગયા એનું કારણ એ છે કે આપણી કુંડળી આ ભગવાન સાથે જોડાઈ ગઈ છે. હું ઘણીવાર દાખલો આપું છું કે સામાન્ય ઘરની સ્ત્રીના લગ્ન કોઈ ધનાઢ્ય પરિવાર સાથે થાય તો એને અધિકાર માગવો ન પડે. એ આપોઆપ ધનિષ્ઠ થઈ જાય. એમ આપણને જે ધણી મળ્યા છે એ એવા બળવાન છે કે જેની છાતી ફાડીને આપણે ફરીએ છીએ.** બાકી ગાડીનું પૈડું પણ હાથમાં ન આવે. બે ટંક પૂરા થાય એટલું તમારા અને મારા ભાગ્યમાં લખેલું નથી. પણ કુંડળી આ ભગવાન સાથે જોડી એટલે બધું લીલું થઈ ગયું છે. આપણે ઋણી છીએ એ શબ્દ તો ગરીબ કહેવાય. પણ એટલું સ્મરણ રાખવું કે જે છે તે આ ભગવાનના લીધે છે. કાયમ નહી તો વાર તહેવારે કે ખાતા ખાતા પણ એકવાર સ્મરણ થાય કે બટકું રોટલો મળે છે એ આ ભગવાનને લીધે મળે છે તો પણ મોટું કામ થઈ જાય.

ધોળકાની આજુબાજુના બધાને બોલાવીને ધનુર્માસ પહેલા એક સરસ આયોજન કરો. ગમે તે કરીશું. **આપણો સંપ્રદાય એ ઉત્સવ સમૈયા પ્રધાન સંપ્રદાય છે. આપણી પાસેથી તો Government (રાજ્ય શાસન) પણ શીખી છે.** તો પછી આપણે તો કોઈપણ નિમિત્તે ભગવાનની બે વાત કરો, લાડવા ખાવ અને મઝા કરો. બસ, આટલું જ કરવાનું છે. ધોળકા દેશની અંદર છ સાત ગામનો જીર્ણોધ્ધાર થયો છે. ત્યાં જઈને પછી સભા અહીં જ કરીશું. આમેય લોકો ધાબેને, લારી ગલ્લે ને જ્યાં ત્યાં ભજીયા-ગોટા ખાવા જતા હોય તો **આપણને આવા સરસ મોરલી મનોહર દેવ મળ્યા છે તો મંદિરમાં દેવના દર્શન કરે અને પછી આપણી વાડીએ જ પિકનીક હાઉસ ચાલું કરાવી દો. પરિવાર સાથે બેસીને જલ્સો કરે.** માળા જેટલી ફરે એટલું સારું છે પણ એની સાથે સાથે વ્યવહાર, સંબંધ, લાગણી એ બધું આવે ત્યારે ભેગું થાય છે. એટલે મોકો મળે તો લઈ જ લેવો. હું અભિષેકના વસ્ત્રો બદલ્યા વિના આમને આમ જ સભામાં બેસી ગયો ને ! સ્વામીએ મને કહ્યું, વસ્ત્રો નથી બદલવા ? મેં કહ્યું, હું નો હું જ રહેવાનો છું, ફેર શું પડવાનો ? બહારગામવાળા ભાગવા માંડે એના પહેલા સભા શરૂ કરી જ દઈએ.

તમે સૌ હરિભક્તો દર્શન કરવા આવ્યા. ભગવાનની પ્રસાદી જમજો અને ભગવાનની બે વાત કરજો. યજમાન પરિવારને હું ઓળખું છું. ખૂબ સેવા કરે છે. તમારા બધાનું ભગવાન ખૂબ મંગળ કરે, રૂડું કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

## અમદાવાદ મંદિર દ્વારા હરિમંદિરો માટે શુધ્ધ અને પવિત્રાથી બનાવેલ અન્નકૂટ

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના તમામ હરિમંદિરોના કોઠારીશ્રી ને જણાવતા આનંદ થાય છે કે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી નૂતન વર્ષના ઠાકોરજીનો અન્નકૂટ આપણા કાલુપુર મંદિર દ્વારા પૂ. મહંત સ્વામી અને સંતોની દેખરેખ હેઠળ શુધ્ધ પવિત્રપણે બનાવવામાં આવે છે. જેથી આપણા નાના મોટા હરિમંદિરના કોઠારીશ્રીએ પોતાના હરિમંદિર માટે અન્નકૂટ બનાવવાનો હોય તેમણે દિવાળી પહેલા પોતાના મંદિરની જરૂરિયાત મુજબ ઓર્ડર નોંધાવી પૈસા જમા કરાવી પાવતી મેળવી લેવી.

સંપર્ક : કાલુપુર મંદિર કોઠાર ઓફિસ

કોઠારી બાલુ સ્વામી : ૯૪૨૭૦૭૦૩૭૧ ● સુરેશભાઈ : ૯૧૭૩૦૮૯૦૩૦

# સાદરા-વાસણા દેશ - આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો

- બિપીન પટેલ, ગાંધીનગર

**પ્રભુ તવ મૂર્તિ વિનોદ કારી**
**પળ પળ વિસરે નહી તે વિસારી.**
**જુગલ ચરણમાં સોળ ચિન્હ જેહ,**
**નજર સમીપ રહો અમારી તેહ,**

શ્રી હરિના પાવન ચરણોથી અંકિત ઉત્તર ગુજરાતના ‘‘સાદરા-વાસણા દેશ’’ની યાત્રા કરતા કરતા આપણે અગાઉના લેખમાં મહાદેવપુરા, મહુન્દ્રા અને ઈસનપુર (મોટા) ગામમાં આવેલા હરિમંદિરોનુ મહાત્મ્ય જાણ્યું.

આવો આપણી યાત્રાને આગળ વધારતા મહાપ્રસાદીભુત એવા નાંદોલ, સલકી અને વર્ધાના મૂવાડાનું મહાત્મ્ય જાણીએ.

આ ત્રણેય સ્થાનો ખારી નદીના કિનારે આવેલા છે. આ નદીમાં સ્નાન કરીને નદીને શ્રીજી મહારાજે ગંગા તુલ્ય કરી છે. નદીમાં એક પથ્થર ઉપર બિરાજીને મહારાજે સ્નાન કર્યું હતું. નદીના કિનારે મહાદેવજીનુ મંદિર આવેલ છે. ત્યાં મહારાજ દર્શન કરી અને વિસામો પણ લેતા હતા. આપણા ધાર્મિક ગ્રંથોમાં તેનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

આ ગામોમાં સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી ખુશાલ ભટ્ટ સ્વરૂપે પણ પધારેલા છે. આમ, આ ત્રણેય ગામોનો મહિમા અપરંપાર છે. આવો આ ત્રણેય ગામોનો વિગતવાર મહિમા જાણીએ.

ગાંધીનગરથી ચિલોડા થઈને દહેગામ રોડ ઉપર જતા, ડાબા હાથે નાંદોલ ગામ આવે છે. ગાંધીનગરથી નાંદોલનું અંતર ૨૫ કિ.મી. છે.

**(૧) નાંદોલ :-** ગામમાં પ્રવેશતા જ ગામની ભવ્યતા અને સમૃધ્ધિનો અહેસાસ થયા વગર રહેતો નથી. આ ગામમાં મુખ્યત્વે પાટીદારોની વસતી આવેલી છે. ગામના પાટીદારોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અહીં પાણીના લેવલ ઉંચા હોવાથી ખેતી પણ સારી છે. ગામમાં બે માળનું સુંદર પાકું હરિમંદિર આવેલું છે. ગામમાં સૌ પ્રથમ નાનું મંદિર હરિજીવનદાસ સ્વામી એ બનાવેલ હતું. સમય જતા તેનો જીર્ણોધ્ધાર ૧૫ વર્ષ પૂર્વે ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી એ કરાવ્યો હતો. ત્યારે સિંહાસનમાં પટ્ટ મૂર્તિઓ પધરાવેલ હતી. ત્યારબાદ લક્ષ્મણજીવનદાસજી સ્વામી એ સિંહાસનમાં આરસની સુંદર મૂર્તિઓ પધરાવી હતી. સિંહાસનમાં શ્રીનરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૩-૦૫-૨૦૧૮ ના રોજ કરવામાં આવી હતી. ખૂબ જ નયનરમ્ય બિરાજમાન દેવોના દર્શન કરીને ધન્યતાનો અનુભવ થાય છે.

આવો ગામના ઈતિહાસ સાથે જોડાયેલ કેટલીક વાતોનો શાસ્ત્રોના આધારે આસ્વાદ માણીએ.

**નાંદોલના ધનેશ્વર ત્રાવડી :-** નાંદોલના ધનેશ્વર ત્રાવડીને સંતાન ન હોવાથી પોતાની ધર્મપત્ની સાથે કાશીમાં રહીને બાર વર્ષ સુધી ગાયત્રીનું અનુષ્ઠાન કર્યું હતું. ત્યાં માતા ગાયત્રી એ તેમને દર્શન આપીને કહ્યુ હતું કે, તમે ગઢડા જાઓ ત્યાં તમને પ્રગટ ભગવાનના દર્શન થશે. ત્યારે તેઓ ગઢડા આવીને શ્રીજી મહારાજના આશ્રિત થયા અને દેહ પર્યંત ભગવાનનું ભજન કરીને શ્રીજી મહારાજના ધામમાં ગયા. તેમને શ્રીજી મહારાજ તેડવા આવ્યા છે, તેવા દિવ્ય દર્શન ગ્રામજનો એ કર્યા હતા.(સંદર્ભઃ સહજાનંદ સ્વામી ચરિત્ર વાર્તા – ૧૬૩)

**ખુશાલ ભટ્ટનું નાંદોલમાં આગમન :-** ખુશાલ ભટ્ટ નભોઈ ગામમાં ભણવા આવ્યા ત્યારે ત્યાં તેમને સર્વેશ્વરાનંદ સાધુનો યોગ થયો હતો. તેઓ બંને નાંદોલમાં પ્રભુરામને ઘેર થાળ જમવા પધાર્યા હતા. ત્યાંથી જમીને ડભાણ પધાર્યા હતા. (નિર્ગુણદાસ સ્વામીની વાતો – ૨૨૪)

**શ્રી હરિનું નાંદોલમાં આગમન :-** સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રી હરિ, સંતો-પાર્ષદો સાથે જેતલપુરથી ચાલ્યા તે ગામડી થઈને નાંદોલ પધાર્યા હતા. ત્યાં ભક્તોને દર્શન સુખ આપીને સલકી થઈને પ્રાંતિજ પધાર્યા હતા. (સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો – વિશ્રામ - ૧૩)

**નાંદોલના ગોવિંદરામ :-** નાંદોલના પુરાણી ગોવિંદરામ દ્રારકામાં ઉપરા ઉપરી શ્રીમદ્ ભાગવતની

સાત પારાયણો કરાવી ત્યારે રણછોડજી એ પ્રસન્ન થઈ દર્શન આપી કહ્યું કે, તને માંડવીમાં પ્રગટ ભગવાન મળશે. તેથી તેઓ માંડવીમાં આવ્યા, ત્યાં શ્રી હરિએ ખૈયા ખત્રીને શાસ્ત્રાર્થ કરીને પોતાની ઓળખ કરાવી. તેવા દર્શન ગોવિંદરામને થયા. આમ, શ્રી હરિના ઐશ્વર્ય દર્શન ખૈયા ખત્રી, ગોવિંદરામ તથા સર્વે ભકતોને થયા. ગોવિંદરામ ત્યારથી શ્રી હરિના આશ્રિત થઈ જીવન પર્યંત ભગવાનનું ભજન કરીને ધામમાં ગયા. (શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય–૪૬)

**(૨) સલકી :-** સલકી ગામ ગાંધીનગરથી વાયા ચિલોડા થઈને ૨૫ કી.મી. ના અંતરે આવેલું છે. અને નાંદોલથી ૩ કી.મી.ના અંતરે આવેલું છે. ખારી નદીના કિનારાનું નાનકડું ગોકુળીયું ગામ છે. જયાં શ્રી હરિના પાવન ચરણોથી અંકિત નાનકડું હરિમંદિર આવેલુ છે. શ્રી હરિ એ જે ઓટા પર વિશ્રામ કર્યો હતો અને ભકતોને દર્શન સુખ આપ્યુ હતું તે ઓટા પર શ્રી હરિના ચરણાંવિંદના દર્શન આજે પણ ભકતોને સુખ આપે છે. શ્રી હરિ સંવતઃ ૧૮૬૫ માં સલકી પધાર્યા હતા, ત્યાં દયાળજી ભકતના ફળિયામાં સભા કરી હતી.

**સલકીમાં બ્રહ્મચોર્યાસી કરી :-** શ્રી હરિ એ નાનાભાઈ ભકતને કહ્યું કે, હે ભકત આપણે નાંદોલના બ્રાહ્મણો માટે ચોર્યાસી કરીએ. ત્યારે મુળજી બ્રહ્મચારી અને જેરામ બ્રહ્મચારીને આ સેવા સોંપી. બ્રાહ્મણોને આમંત્રણ આપ્યા, પરંતુ બ્રાહ્મણોએ મહારાજનું દુધ પૂછ્યું. ત્યારે મહારાજે કહ્યું, ''તમારે દુધ (જાત) નું શું કામ છે ?'' ત્યારે બ્રાહ્મણો એ જમવાની ના પાડી. ત્યારે મહારાજે તૈયાર થયેલી રસોઈ આજુબાજુના ગામો મુવાડાથી ઠાકોરજનોને બોલાવીને જમાડયા અને બધાને રસોઈ ખૂબ ભરી ભરીને આપી. (સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો, વિશ્રામ - ૧૭)

**શ્રી હરિનું સલકીમાં આગમન :-** સંવત- ૧૮૬૧ માં અમદાવાદથી વહેલાલ થઈ, શ્રી હરિ સલકી ગામ આવ્યા હતા. ત્યાંથી પ્રાંતિજ થઈ વિજાપુર પધાર્યા હતા. (સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો–વિશ્રામ - ૧૨)

સંવતઃ ૧૮૬૧ માં બીજીવાર વડતાલથી ઉમરેઠ, ડાકોર, તોરાણા, આંતરોલી, સિંગાલી, ઉંટાડીયા મહાદેવ થઈને સલકી પધાર્યા હતા. ત્યાં દયાળજી ભકતના ફળિયામાં ઉતર્યા હતા. સવારે ખારી નદીમાં સ્નાન પણ કર્યું હતું. મહારાજ આ સમયે પાંચ દિવસ સુધી સલકીમાં રોકાયા હતા. પછી ત્યાંથી પ્રાંતિજ પધાર્યા હતા. આમ, સલકીના ભકતોને ખૂબ જ સુખ આપ્યું હતું. (સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો, વિશ્રામ - ૧૩)

આમ, શ્રીજી મહારાજ ચાર વખત સલકીમાં પધાર્યા હતા તેનો ઉલ્લેખ જુદાં જુદાં શાસ્ત્રોમાં જોવા મળે છે. ખોખરા મહેમદાવાદમાં પણ સલકીના દયાળજી પગી એ શૂરવીરતા પૂર્વક ગોમતીપુરના વૈરાગીઓ સામે લડયા હતા. આમ, ધર્મ માટે પોતે શ્રીજી મહારાજની અનુવૃતિ પ્રમાણે બહાદુરી પૂર્વક લડયા હતા.

સલકીના ભકતો અને શ્રીજી મહારાજની લીલાઓ ઘણી છે. આ તો દીશ માત્ર લખી છે.

**(૩) વર્ધાના મુવાડા :-** વર્ધાના મુવાડા ગામ, ગાંધીનગરથી વાયા નાંદોલ, સલકી થઈને ૩૦ કી.મી. ના અંતરે આવેલું છે. અને સલકીથી માત્ર ૩ કી.મી. ના અંતરે ખારી નદીના કાંઠે આવેલુ ગામ છે.

શ્રીજી મહારાજના પરમ એકાંતિક ભકત વર્ધાભાઈના નામ ઉપરથી આ ગામનું નામ સ્વયં શ્રીજી મહારાજે વર્ધાના મુવાડા એવું પાડ્યું હતું.

ગામમાં જુનું મંદિર આશરે ૧૦૦ વર્ષથી વધારે જુનું હશે તેમ વાયકા કહે છે. હાલ કોઈ ઈતિહાસ મળતો નથી. આ મંદિરને હવે સુંદર હોલમાં પરિવર્તિત કરીને નવીનીકરણ કરવામાં આવ્યું છે. હોલના પ્રવેશ દ્વારે વિશાળકાય ચમત્કારી હનુમાનજી બિરાજમાન છે. ગામમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, સાંખ્યયોગી નિતાબા (ભુજ) ના અથાગ પ્રયત્નોથી નવ્ય ભવ્ય હરિમંદિરમાં ઠાકોરજીના સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા તા. ૩૦-૦૩-૨૦૨૨ ના રોજ પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ હતી. સિંહાસનમાં આરસની સુંદર મૂર્તિ સ્વરૂપે શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવ દર્શન આપી રહ્યા છે. મંદિરની દિવાલો ઉપર ગામમાં ઠાકોરજીની લીલાઓના સુંદર ભીતચિત્રો કંડારેલા છે. વર્ધાભાઈને ત્યાં ઠાકોરજી દહીંને રોટલો જમ્યા હતા.

તેમના ઉપર ખૂબજ રાજી શ્રીહરિએ બે જોડી ચરણારવિંદ પાડી આપ્યા હતા.

ગામમાં આવેલા મહાકાળી માતાજીના મંદિરે શ્રીજી મહારાજ વિસામો કરવા પણ રોકાયા હતા. તેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. આ ગામે સત્સંગ સમાજને બે સંતોની ભેટ પણ આપી છે. તેમાં હરિપ્રિય સ્વામી અને ઘનશ્યામ સ્વામી. તથા ૧ સાંખ્યયોગી માતા નિતાબા પણ આજે ભૂજમાં રહીને ઠાકોરજીની સેવા કરી રહ્યા છે.

આવો હવે શાસ્ત્રોના આધારે ગામના મહિમા વિશે જાણીએ.

**શ્રી હરિનું આગમન :-** ખારી નદીને કિનારે કોતરોમાં કાલિકા માતાનું પુરાણું મંદિર આવેલું છે. ત્યાં શ્રી હરિ એકલા પધાર્યા હતા. મંદિરમાં શ્રી ગણપતિજી – શ્રી હનુમાનજી બિરાજમાન છે. શ્રી હરિની સેવામાં હનુમાનજી સ્વયં પ્રગટ થઈને પધાર્યા હતા. તે મંદિરની બહાર આજે પણ બિરાજમાન (ઉભા) છે. અને ભકતોને એ સ્થિતિમાં જ દર્શન આપે છે. શ્રી હરિ ત્યાંથી વર્ધાના મુવાડા ગામમાં વર્ધાભાઈને ત્યાં પધાર્યા હતા.

સંવતઃ ૧૮૬૧ માં જેતલપુરથી ગામડી, નાંદોલ, સલકી થઈને વર્ધાના મુવાડા પધાર્યા હતા. ત્યાં તેમને ખોળવા મુળજી બ્રહ્મચારી અને દયાળજીભાઈ આવ્યા હતા. (સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો – વિશ્રામ - ૧૩)

**વર્ધાના મુવાડાના પ્રસાદીના સ્થાનો :-**

(૧) શ્રી કાલિકા માતાજીનું મંદિર તથા શ્રી હનુમાનજી મહારાજ (૨)વર્ધાભાઈનું ઘર (૩)ચરર્ણાવિંદની બે જોડી (૪) કાકરીયો કોઠો તથા ખારી નદી.

શ્રી હરિની લીલા અપરંપાર છે. તે શબ્દોમાં વર્ણવતા પાર પામી શકાય તેમ નથી.

**શ્રાવણ વદ-૮ જન્માષ્ટમીના યશસ્વી યજમાનશ્રી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા અર્થે અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૮ ના જન્માષ્ટમીના યજમાનશ્રી અ.નિ. પટેલ મહેશભાઈ પ્રહલાદભાઈ, ગં.સ્વ. પટેલ ચંપાબેન મહેશભાઈ (ડાંગરવાવાળા - હાલ રાણીપ) તથા અ.નિ. બળદેવભાઈ જીવણદાસ પટેલ - હ. અશ્વિન બળદેવભાઈ પટેલ, કોકિલાબેન બળદેવભાઈ પટેલ (મેઘાણીનગરવાળા)

**જલઝીલણી એકાદશી શ્રી ગણપતિજીના વરઘોડાના યજમાનશ્રી**

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા અર્થે અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી ગણપતિજીના સ્થાપનના યજમાન પ.ભ. કૌશિકભાઈ સી. જોષી - અમદાવાદ. જલઝીલણી એકાદશીના યજમાન પ.ભ. નાગજીભાઈ નાનજીભાઈ શિંગાળા - હ. પ્રકાશભાઈ, અમિતભાઈ, ચિરાગભાઈ - નવા નિકોલ. શ્રી ગણેશ ઉત્સવ દરમ્યાન ગણપતિજીને ગોળના લાડુનો થાળનો ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરા (યુ.પી.)ના નવા મહંતશ્રી**

શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરા (યુ.પી.)ના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી શ્રી શ્યામસુંદરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી તથા સ્વામી વ્રજભૂષણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી મંદિર)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

**શ્રી નરનારાયણદેવની ધજાના યજમાન :**
**પ.ભ. વનિતા વેલજી ઠાકરાણી (બળદીયા-કચ્છ)**

**ભાદરવા સુદ-૧૫ (પૂનમ),ના યજમાનશ્રી**

**શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા અર્થે કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી ભાદરવા સુદ પૂનમના યશસ્વી યજમાન એક હરિભક્ત.**

**શ્રી સ્વામિનારાયણ માસિક ન મળવા બાબત**

શ્રી સ્વામિનારાયણ માસિક જેને પોસ્ટમાં ન મળતા હોય (બાપુનગર, નિકોલ, નવા નિકોલ, નરોડા આદિ વિસ્તાર) તેમણે પ.ભ. ગોરધનભાઈ સીતાપરા મો. નં.: ૮૭૮૦૪૩૪૯૪૧ ઉપર સંપર્ક કરવો.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ધનતેરસના દિવસે હોલ નં.૮માં શ્રી લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવશે જેમાં પ.પૂ.મોટા મહારાજશ્રી દ્વારા ચાંદીના સિક્કાઓનું પૂજન એટલે કે ધન પૂજન કરવામાં આવશે. અને તે પ્રસાદીના સિક્કા મ્યુઝિયમમાં સાહિત્ય કેન્દ્ર પરથી ઈચ્છુક હરિભક્તોને પ્રાપ્ય કરાશે.

આ ઉપરાંત બીજા દિવસે કાળી ચૌદશના દિવસે શ્રી હનુમાનજીનું પણ પૂજન કરવામાં આવશે. જેમાં પણ હરિભક્તો દર્શન આદિનો લાભ લઈ શકશે.

દિવાળીની અને નૂતન વર્ષની રજાઓમાં આપણા મ્યુઝિયમમાં ઘણી ભીડ થતી હોય છે તે દર્શનાર્થીઓને દિવાળી ની રજાઓ દરમ્યાન મ્યુઝિયમમાં ડીઝીટલ ટેકનોલોજીના ઉપયોગ વડે નવા કલ્પો નિહાળવા મળશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-સપ્ટેમ્બર-૨૦૨૪

| | |
|---|---|
| તા. ૦૧-૦૯-૨૦૨૪ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આયોજીત સમૂહ મહાપૂજા. |
| તા. ૧૫-૦૯-૨૦૨૪ | અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની સ્મૃતિમાં સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - હ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી - ગાંધીનગર. |
| તા. ૧૬-૦૯-૨૦૨૪ | શ્રી પ્રાપ્તિ ઋત્વિજ પટેલ - નારણપુરા - પ્રાપ્તિના પ્રથમ જન્મદિન નિમિત્તે મહાપૂજા - હ. પ.ભ.શ્રી રાજેન્દ્રભાઈ પટેલ - ભાલજા મંડળ. |
| તા. ૨૨-૦૯-૨૦૨૪ | પ.ભ.શ્રી શૈલષભાઈ ચિમનલાલ પટેલ - મેડાવાળા |
| તા. ૨૯-૦૯-૨૦૨૪ | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - સુરત - હ. નિલેષ ટાંક. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-સપ્ટેમ્બર-૨૦૨૪

| | |
|---|---|
| રૂ. ૫૧,૦૦૦/- | અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની સ્મૃતિમાં સ્નેહી ભક્તો તરફથી ભેટ પ્રે. હા. શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી - ગાંધીનગર સેકટર-૨૩ મંદિર. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "વિભીષણ ગીતા"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે બધા અહિંયા બેઠા છીએ. તો આપણી 'યાત્રા' પુરી થઈ ગઈ ? તમે બધા થાકી ગયા છો કે નહિ ? આપણી આ 'યાત્રા' ચાલુ હતી, અને ચાલુ જ છે. અને આપણે 'લક્ષ્ય' સુધી પહોંચવાનું બાકી છે. આપણી આ 'યાત્રા' ચાલુ થઈ ત્યારથી **આ જીવાત્માની 'યાત્રા' ચાલુ થઈ છે. જીવાત્માને જાતિ, ધર્મ, વંશ, કુળ કાંઈ પણ હોતું નથી કોરા કાગળ જેવું હોય છે.** પણ આ યાત્રા દરમ્યાન વારંવાર આ જીવાત્માનો જ્યાં જન્મ થાય છે ત્યાં તરત એ બધું (જાતિ, ધર્મ, વંશ, કુળ આદિક) લાગુ પડી જાય છે. અને માયાને લીધે બધું અજ્ઞાનરૂપી 'આવરણ' આવી જાય છે. અને 'જીવાત્મા' એ ભૂલી જાય છે કે **'હું ભગવાનનો અંશ છું. જીવાત્મા ચેતન છે. સામર્થ્યવાન છે અનંત શક્તિશાળી છે. અનંત જ્ઞાનવાળો છે. અનંત દર્શનવાળો છે. પણ સર્વ શક્તિમાન નથી. અર્થાત્ પરમપદને પામી શકે છે. પણ 'પરમાત્મા' નથી બની શકતો.** જન્મ ધાર્યા પછી 'વિષયવાસના' અને કામનાઓને લીધે મનની સ્થિરતા રહેતી નથી. માટે સ્થૂળ જે દેખાય છે તેને જ સાચું માની લે છે. સૂક્ષ્મમાં છે એ દેખાતું નથી માટે ભૂલી જાય છે. આપણે કોઈની ખબર પૂછવા જઈએ કોઈ સાજા-માંદા હોય તો શું કહેશે. 'હું બીમાર છું.' પરંતુ જેને સાચું જ્ઞાન હશે તો એમ કહેશે કે ના, ના મને કાંઈ નથી થયું. મારા શરીરમાં કસર છે. આ બધું 'જ્ઞાન' છે ને તે માન્ય સત્શાસ્ત્રોના વાંચનથી આવે છે. આપણો જે આ 'જીવનસંગ્રામ' છે, આ જીવનની લડાઈ છે. તેમાં સત્શાસ્ત્રો છે તે બહુ ઉપયોગી છે. તેમાં પણ **'આપણી 'શિક્ષાપત્રી' સૌથી વધારે ઉપયોગી છે.' 'વચનામૃત' પણ બહુ જ ઉપયોગી છે.** પણ અમુક લોકોને વધારે અઘરૂ પડે છે. પણ પ્રયત્ન કરે તો સમજાઈ જાય છે. એવી જ રીતે 'રામાયણ', 'ભગવદ્ ગીતા' એ બધા પણ માન્ય સત્શાસ્ત્રો છે. તેનો અભ્યાસ કરાય. ગીતાનું 'જ્ઞાન' એ મહાભારતના યુધ્ધ વખતે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આપેલું 'જ્ઞાન' છે. તો એ શું શીખવે છે ? **ગીતાનું 'જ્ઞાન' એ શીખવે છે કે જીવનમાં આવેલી મુશ્કેલીથી ભાગવાનું નહિ.** એવી જ રીતે રામાયણમાં લંકાકાંડમાં 'રામ' અને 'રાવણ'નું જે યુદ્ધ થયું. તેનું વર્ણન છે. તો તેમાં વિભીષણના માધ્યમથી સમગ્ર માનવજાતિને ભગવાન રામે 'જ્ઞાન' આપ્યુ હતું. જેને 'વિભીષણ ગીતા' કહેવાય છે. આ યુદ્ધમાં જે રાવણની સેના હતી તેમાં હાથી-ઘોડા, અસ્ત્ર-શસ્ત્ર, બધું જ હતું. આ જોઈને વિભીષણને થયું કે મારા ભગવાન પાસે તો ચરણોમાં 'મોજડી' પણ નથી. અને 'વલ્કલ' વસ્ત્રોમાં છે. તો યુદ્ધમાં 'વિજય' કેવી રીતે થશે ? **જ્યાં 'મોહ' અને 'પ્રેમ' હોય છે ત્યાં 'સંદેહ' થઈ જાય છે. કેમ કે ? જેના પર પ્રેમ હોય છે તેનું કાંઈ જ ખરાબ ના થાય એવો ભાવ હોય છે.** વિભીષણને મનમાં સંદેહ ઉત્પન્ન થાય છે. તો વિભીષણે ભગવાન રામને પૂછ્યું કે **"આપ યુદ્ધભૂમિમાં 'વિજય' કેવી રીતે પ્રાપ્ત કરશો" ?** યુધ્ધભૂમિમાં આવી રીતે કોઈ પૂછે અર્થાત્ આપણા 'વિજય' ઉપર 'શંકા' કરે તો પરિસ્થિતિ પ્રમાણે ક્રોધ આવે ને ? પણ ભગવાન રામે ક્રોધાન્વિત થયા વગર શાંત ચિત્તે જણાવ્યું કે આ જે દેખાય છે એ તો 'આ જગતનું યુધ્ધ છે' અને ક્ષણિક છે. એ તો થોડા સમયમાં પતી જશે. તમે જે આ રાવણનો વૈભવશાળી રથ જોઈ રહ્યા છો એ સ્થૂળ છે. ભૌતિક જગતનો છે. પણ **આ આપણો 'જીવનરથ' છે તેમાં સૂક્ષ્મરૂપે ધર્મ અને અધર્મનું યુધ્ધ સતત ચાલુ જ હોય છે.** આપણા અંદરની જે લડાઈ છે તેમાં આ ભૌતિક જગતનો રથ કામ ના લાગે. તો આપણી અંદર જે લડાઈ ચાલી રહી છે તેમાં કેવો રથ છે ? બહારનો આ જે ભૌતિક રથ છે ને એમાં જે જે વસ્તુ હોય છે એ જ વસ્તુ આપણા અંદરની લડાઈ લડવામાં પણ ઉપયોગી છે. કેવી રીતે ? ભૌતિક રથમાં શું હોય છે ? તો યુધ્ધ મેદાનમાં જે રથ હોય છે તેમાં મુખ્ય તો બે પૈડા હોય છે. તો આપણા જીવનરથમાં આ જીવનસંગ્રામની લડાઈ લડવામાં પણ **'શૌર્ય' અને 'ધૈર્ય'** રૂપી બે પૈડા જરૂરી છે. જો રથના પૈડા સારા હોય તો ગમે તેવા રસ્તા ઉપર ખાડા-ટેકરામાં પણ આપણને રથ આગળ લઈ જાય છે. એવી રીતે 'શૌર્ય' એટલે 'શૂરતા' એ ના હોય તો જીવનપથ પર આગળ વધી શકાતું નથી. અને 'ધૈર્ય' એટલે ધીરજ. તો જ્યારે જીવનમાં અમુક વખતે વિષમ પરિસ્થિતિ આવે ત્યારે ટકરાઈ ટકરાઈને માણસ આગળ વધે છે. અંદરથી જો એવા સમયે આપણામાં ધીરજ નહિ હોય તો આપણે ભાંગી જઈશું તૂટી જઈશું અને રથમાં બીજું હોય છે ધજા પતાકા. રથ ઉપર જે મોટી હોય છે તેને ધજા કહેવાય છે. અને નાના હોય છે એને પતાકા કહેવાય છે. એ બન્ને શું સૂચવે છે. **'સત્'** અને **'સ્થિરતા'** જો આપણામાં 'સત્' હશે તો આપણી ઓળખાણ ચારિત્ર્યવાન તરીકે થશે. **અર્થાત્ આપણા જીવનમાં આપણું 'શીલવાન' વ્યક્તિત્વ હોવું જોઈએ.** અને જો આપણામાં સ્થિરતા હશે તો આપણે ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી

શકીશું. અને હવે આવે છે ચાર 'અશ્વ'. આપણા જીવનરૂપી રથમાં પણ ચાર 'અશ્વ' હોય છે. **'બળ', 'વિવેક', 'દંભ', 'પરહિત'** પ્રથમ બળ લઈએ તો બળ એટલે **'આત્મબળ'** જે અંદરની મજબૂતાઈ છે કે 'હું તૈયાર છે.' ગમે તે પરિસ્થિતિમાં 'આત્મબળ' મજબૂત રહેવું જોઈએ. બીજું છે 'વિવેક' વિવેક બહુ જરૂરી છે. જીવનમાં ખૂબ જ મહત્વની વસ્તુ છે. **પરિસ્થિતિને અનુરૂપ ઉચિત સમય ઉપર સાચો નિર્ણય લેવાનો એને વિવેક કહેવાય છે.** ક્યારે કઈ નીતિ અપનાવવી તેનું જીવનમાં ખૂબ જ ધ્યાન રાખવુ પડે છે. જો અયોગ્ય નિર્ણય લેવાઈ જાય તો બહુ તકલીફ ઉભી થાય છે. એક કહેવત છે કે 'વિનાશકાળે વિપરિત બુદ્ધિ.' અર્થાત્ જ્યારે માણસને પતન તરફ જવાનું હોય છે તો વિવેક ખલાસ થઈ જાય છે. હવે ત્રીજું છે 'દંભ' દંભનો એક બીજો અર્થ 'અહંકાર' છે. પણ અહિંયા દંભનો અર્થ એ છે કે ગમે તે પરિસ્થિતિમાં તમે અડગ રહો. તો 'અડગતા' એ વસ્તુ પણ બહુ જરૂરી છે. અને ચોથું છે 'પરહિત' તો આ જે 'પરહિત' રૂપી ચોથો અશ્વ છે તે આગળના જે ત્રણેય અશ્વ છે'બળ', 'વિવેક' અને 'દંભ' એ ત્રણેય અશ્વને શક્તિ આપશે. કેમ કે ? એની અંદર સારો વિચાર છે. પરહિત એટલે બીજાનું સારું કરવા માટે જે કાર્ય થાય છે અને શુભ કર્મો હોય છે એ લક્ષ્ય સાથે હોય છે. જો વ્યક્તિનું લક્ષ્ય સાચું હશે ને લડાઈની અંદર તેની એ રીતે બુદ્ધિ ચાલશે અને જે કાર્યો થશે એ પણ સારા જ થશે. કેમ કે ? **પરહિતના વિચારથી માણસનું 'મનોબળ' મજબુત થાય છે. જીવન રથના યુધ્ધમાં જો તમને ધર્મ શું છે ? અધર્મ શું છે ? એનો ખ્યાલ હશે તો તમારા અંતર મનમાં સ્થિરતા હશે. અને આપણું સારું, પણ ક્યારે થાય ? તો બીજાનું હિત વિચારીએ ત્યારે** અને હવે આ ચારેય અશ્વ ઉપર લગામ પણ જોઈએ ? કેમ કે, ચારેય અશ્વ યુધ્ધમાં બરાબર ચાલતા હોય અને એક અશ્વમાં અહંકાર આવી જાય કે હું રોકાઈ જાઉં તો મારા વિના આગળ ચાલશે જ નહિ. તો એ રીતે યુધ્ધમાં એક અશ્વ પણ જો રોકાઈ જાય તો રથ આગળ ના ચાલે. તો એને બરાબર ચલાવવા માટે લગામ જોઈએ. કેમ કે, નિયંત્રણ પણ બહુ જ અગત્યની વસ્તુ છે. જરૂર હોય ત્યાં રથને રોકવો પણ પડે. ધીમો પણ કરવો પડે અને ઝડપી પણ દોડાવવો પડે. એમ રથની ગતિ પણ જાળવવી પડે. તો આ જીવનરૂપી રથની લગામ જાળવવા માટે ત્રણ વસ્તુ જરૂરી છે. 'ક્ષમા, 'દયા' અને 'સમાનતા' આપણી અંદર જે બળરૂપી અશ્વ છે તેમાં એવો અહંકાર આવી જાય કે હું સૌથી વધારે સામર્થવાન છું. બીજા બધા કરતા મારા વગર નહિ ચાલે. પરિવારમાં કે ગમે ત્યાં, તો ત્યાં સમાનતારૂપી હથિયાર કામ લાગે છે. ઘણી વખત જીવનમાં આપણે સાચા હોઈએ તો પણ બીજાને ક્ષમા આપવી પડે છે. નહિ તો પરિણામ ખરાબ આવી શકે છે. તો ત્યાં દયા પણ રાખવી પડે. કેમ કે ? ક્ષમામાં દયાનો સમાવેશ થઈ જાય છે. અને હવે આવે છે. **'સારથિ'** સારથિ કેવા હોવા જોઈએ ? તો આપણે આપણા આ જીવનરૂપી રથના સારથિ ભગવાનને બનાવવાના. અર્થાત્ લગામ ભગવાનને સોંપવાની અને ભગવાન જેના સારથિ છે તેમના જીવનરૂપી સંગ્રામમાં પરાજય થતો નથી. હવે લડાઈ લડવા માટે અસ્ત્ર શસ્ત્ર પણ જોઈએ. તો ભૌતિક રથમાં શસ્ત્ર તરીકે 'ઢાલ', 'તલવાર', 'ફરસી' આ બધું વપરાય છે. પણ આ જીવનરૂપી રથમાં હથિયાર તરીકે જે વપરાય છે એ છે **'વૈરાગ્ય', 'સંતોષ'** અને **'દાન'** તો આ ત્રણમાંથી જે વૈરાગ્યરૂપી ઢાલ છે તે મોહરૂપી શત્રુથી આપણી રક્ષા કરે છે. કેમ કે ? **આ સંસારનું મૂળ 'મોહ' છે. મોહના મૂળિયા બહુ ઉંડા છે.** તેને વૈરાગ્યથી જીતી શકાય છે. માટે જીવનમાં વૈરાગ્ય પણ જોઈએ. અને જ્યારે અતિ તૃષ્ણા થઈ જાય છે ત્યારે **સંતોષરૂપી** તલવાર જોઈએ. **'સંતોષરૂપી તલવારથી કામનાઓ કપાઈ જાય છે.'** તો જીવનમાં સંતોષ પણ બહુ જરૂરી છે. **દાન રૂપી** શસ્ત્ર છે તે પરશુરામની ફરસી જેવું છે. તે આપણી કંજૂસાઈને કાપે છે. તો આ બધા શસ્ત્રોની વાત થઈ તે નજીકના અંતઃશત્રુઓને પરાસ્ત કરવાની વાત થઈ. હવે આપણે જોઈએ. તો યુધ્ધમાં **'દિવ્યાસ્ત્રો'** પણ વપરાય છે. આપણા જીવનમાં પણ દિવ્યાસ્ત્રોનો ઉપયોગ કરવો પડે છે. ક્યારે ? **તો માયા આપણા ઉપર ગમે ત્યારે ગમે ત્યાંથી અચાનક પ્રહાર કરે છે ત્યારે** અને એ અસ્ત્રોને મુકવાનું જે 'ભાથુ' હોય છે તે **'અચળ'** અને **'અમર'** હોવું જોઈએ. 'અચળ' એટલે 'પાપ રહિત' અને 'અમર' એટલે 'સ્થિર' **તો જો વ્યક્તિ પાપ રહિત હશે અને તેનું મન સ્થિર હશે તો આ દિવ્યાસ્ત્રો ક્યારે અને કેવી રીતે પ્રહાર કરવા એ ખબર પડશે. કેમ કે ? એની પણ એક કળા હોય છે. ક્યું શસ્ત્ર ક્યાં કામ આવશે ? શત્રુને કેવી રીતે પરાજિત કરશે ? એ બધું જ્ઞાન પણ જરૂરી છે. જે રીતે 'માયા' આપણા ઉપર પ્રહાર કરે તેવી રીતે ઉપયોગ કરવાનો હોય છે.** આ જીવનરૂપી સંગ્રામનું યુધ્ધ કેવી રીતે લડવાનું તો એક કુશળ યોધ્ધા બની આજે બધા શસ્ત્રો બતાવ્યા જેમ કે 'શૌર્ય', 'ધૈર્ય', 'બળ', 'વિવેક', 'ક્ષમા', 'વૈરાગ્ય', 'સંતોષ' આ બધાનો ઉપયોગ કરશું તો આપણા આ જીવનરૂપી સંગ્રામમાં આપણને કોઈ પરાજિત કરી શકશે નહિ. અને જેવી રીતે યુધ્ધ જીતવા માટે આ બધા શસ્ત્રો અને રથ એ બધો સામાન છે. એવી રીતે **આપણા આ જીવનરૂપી સંગ્રામને જીતવા માટે આ શરીરરૂપી સાધન છે. એ મોટામા મોટું સાધન છે.** એને પણ સાચવવાનું. કેમ કે ? જો આ શરીરરૂપી સાધન છે એ જો સારુ નહિ હોય તો આ જીવનસંગ્રામની લડાઈ છે તે કેવી રીતે લડાશે. જો આ શરીર સારુ હશે તો ચોવીસ કલાક માયાના પ્રહારનો સામનો કરવા માટે આપણે તૈયાર રહી

(અનુ. પેજ નં. ૨૦ ઉપર)

# પ્રેરણાસ્રોત

સ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્તર વિભાગના અમદાવાદ દેશ ગાદીના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી આ આધુનિક સમયમાં પડદામાં રહીને ધર્મપાળી અને અત્યારની આધુનિક તકનીકોનો ઉપયોગ કરી, સત્સંગનું પોષણ કરી પ્રેરણારૂપ બને છે.

ગાદી ઉપર આરૂઢ થયા પછી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા હિત અને પોષણ માટે જે પ્રયત્નો અને વિચરણ કરીને ઐતિહાસિક કાર્યો કર્યા છે અને કરી રહ્યા છે તે સત્સંગ સમાજ માટે ખૂબ પ્રેરણારૂપ હોવાથી આ લેખના માધ્યમથી થોડું આચમન કરીએ.

**એકાદશીની સભા :** એકાદશીની સભા આપણા દરેક મંદિરોમાં થાય છે. પણ કાલુપુર મંદિરની પ્રસાદીની હવેલીમાં એકાદશીની સભા માત્ર બહેનો માટે શરૂ કરાવી. તેમના સાંનિધ્યમાં બપોરે ૨ થી ૪ સભા થાય છે. તેમાં એક હજાર જેટલા બહેનો નિયમિત લાભ લે છે. તેમાં તો કેટલાક બહેનોએ પોતાના સ્વભાવને પરિવર્તન કરીને જીવન સુગમ કર્યુ છે. ગાદીવાળાશ્રીનું આશીર્વચન ખૂબ ઉંડાણભર્યું હોય છે. પોતાના શબ્દોના માધ્યમથી સમસ્ત બહેનોને ગૃહસ્થાશ્રમની વિટંબણા ને સમજદારીથી ઉકેલવાનું અને ધર્મની સાથે વ્યવહારિક અભિગમ શીખવે છે.

**પ્રબોધિની એકાદશી જાગરણ :** પ્રબોધિની એકાદશી રાત્રિ જાગરણનો અથાગ મહિમા છે. તેથી તે દિવસે રાત્રિ જાગરણ અને રાત્રિ સભા શરૂ કરાવી. પોતે પણ રાત્રે અગિયાર વાગે મંદિર પધારે અને સવારના પાંચ વાગ્યા સુધી વિરાજે છે. આખી રાત અમદાવાદ મંદિરની હવેલીમાં હજારો બહેનો રાત્રિ જાગરણ કરી કથા, વાર્તા, ધૂન, કીર્તનનો લાભ લે છે.

**સત્સંગી બહેનો દ્વારા ગામડાઓમાં સત્સંગ સભા :** અમદાવાદ દેશના ગામડાઓમાં પણ મુમુક્ષુ બહેનો સત્સંગનો લાભ લઈ શકે, એના માટે પણ એમના અનેરા પ્રયાસો છે, તેઓશ્રી ૧૦૦ જેટલા ગૃહસ્થ બહેનોને સત્સંગ સભાની તાલીમ આપીને ગામડાઓમાં સભાની શરૂઆત કરી છે. જે ગામમાં સ્થાનિક બહેનો સભા ન કરી શકતા હોય એવા ગામોમાં અમદાવાદથી બહેનો ને સત્સંગ કરાવા મોકલે છે. એ માટે નિયત કરેલા વિસ્તાર પ્રમાણે સત્સંગી બહેનોના ગ્રુપ બનાવવામાં આવ્યા છે. આ બહેનો ગામડાઓ અને શહેરના વિસ્તારોમાં સત્સંગ સભા કરાવે છે. આ સભાઓ લગભગ ૧૬ વર્ષથી ચાલું છે અને કાયમી ધોરણે રહેશે.

**સાંખ્યયોગી બહેનો દ્વારા કથા :** સંપ્રદાયના સાંખ્યયોગી બહેનો દ્વારા કથા વાર્તા તો નિયમિત દરેક મંદિરોમાં થાય જ છે. પણ અમદાવાદ કાલુપુર મંદિરમાં હવેલીમાં સાંખ્યયોગી બહેનો ક્યારેય વ્યાસપીઠ પર બેસીને મોટી કથાઓ નથી કરેલી. તેથી તેઓશ્રીએ સાંખ્યયોગી બહેનોને વ્યાસપીઠ પર બેસીને મોટી કથાઓ કરવા માટે પ્રેરણા આપી, પ્રેરિત કર્યા અને સાથે રહીને કથાઓ કરાવી અને કરાવી રહ્યા છે. તેમના પ્રોત્સાહનથી અત્યાર સુધીમાં મોટી ૧૦૦ જેટલી પારાયણો અમદાવાદ અને આજુબાજુના ગામોમાં આયોજીત થઈ છે. જેમાં એવા ગામડાઓને પ્રાધાન્ય આપ્યું છે. જ્યાં માત્રને માત્ર બહેનોનો સત્સંગ હોવાના કારણે એમને મંદિર અથવા સત્સંગ સભા, કથાવાર્તાનો લાભ મળતો નથી. તેવા ગામોમાં અચૂક સાંખ્યયોગી બહેનોને મોકલીને કથા વાર્તાનું આયોજન કરાવે છે. આ રીતે સત્સંગી બહેનોને પોષણ આપે છે. તેના માટે અનેક મહિલા શિબિર પણ કરાવે છે.

**મંદિર નિર્માણ કાર્ય :** (૧) વિજાપુર : શ્રીહરિની અથાગ નિષ્ઠા ધરાવતા વજીબાના પ્રસાદીભુત ઘરે દર્શન કરવા તેઓશ્રી પધાર્યા. ત્યાં પ્રસાદીની જગ્યાએ આજુબાજુ વાળા પોતાના ઘરનો કચરો ફેંકતા. તે જોઈને તેમને ખૂબજ દુઃખ થયું. તેમણે પૂ. મહારાજશ્રીને વાત કરી. પછી તેમની આજ્ઞાથી સૌ પ્રથમ ત્યાંની સાફ સફાઈ કરાવી પછી મહારાજશ્રીની આજ્ઞા લઈને ત્યાં દિવ્ય મંદિર તૈયાર કરવા મુખ્ય કારણ બન્યા. (૨) પરઢોલ : દેહગામ તાલુકાના પરઢોલ ગામમાં પણ તેઓશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી, પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી મંદિર નિર્માણ થયું. (૩) બાલાસિનોર : બહેનોના મંદિરનો પુનઃનિર્માણ તેઓશ્રીની પ્રેરણાથી થયું.

**ધનુર્માસ ધૂન :** ધનુર્માસમાં દરેક મંદિરોમાં સવારની ધૂન થાય જ છે. પણ બહેનોની હવેલીમાં ધર્નુમાસમાં આખો મહિનો સવારના સવા પાંચ વાગ્યે અચૂક હાજરી આપીને

સત્સંગી બહેનો માટે પ્રેરણારૂપ બન્યા છે. એમને જોઈને ઘણી સંખ્યામાં બહેનોને મંગળામાં આવીને ધૂન કરવાની પ્રેરણા મળી છે. એમના સાનિધ્યમાં આખો ધર્નુમાસમાં ધૂન થાય છે. સવારે મંગળા આરતી પહેલાં મંદિર પહોંચી જાય છે, શ્રી નરનારાયણદેવના દર્શન કરીને હવેલીમાં ઘનશ્યામ મહારાજની મંગળા આરતી કરે છે. પછી ધૂનમાં બેસે છે. પછી શણગાર આરતી હવેલીમાં કરીનો શ્રી નરનારાયણદેવની શણગાર આરતીના દર્શન કરી ઘેર પધારે છે. આ એમનો ધનુર્માસનો નિત્યનો ક્રમ છે. જોયું નથી પણ સાંભળ્યું છે કે ઘેર જતી વખેત ઠંડીમાં ફૂટપાથ પર સૂતેલા ગરીબોને કંબલ વિતરણ કરે છે.

**ફૂલદોલોત્સવ** : આપણા કાલુપુર મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે શ્રીજી મહારાજે મંદિરના ચોકમાં ફુલદોલોત્સવ કરી ને રંગોત્સવ કરેલ છે. સમય જતાં નરનારાયણદેવ સમક્ષ કીર્તનો અને ફુલઉત્સવ, આરતી કરીને ઉત્સવ થતો. એમાં પણ એમણે માર્ગદર્શન અને પ્રેરણા કરી કે નરનારાયણદેવના પ્રાગટ્યોત્સવના દિવસે રંગોત્સવ થાય તો સારુ, જેનાથી સત્સંગી ભાઈઓ બહેનોને એ સ્મૃતિ યાદ રહે. પછી પૂ. મહારાજશ્રીની આજ્ઞા લઈને મંદિરના ચોકમાં રંગોત્સવ શરૂ કરાવ્યો. જેમાં હજારો હરિભક્તો દર વર્ષે લાભ લે છે. એ ઉત્સવ જોઈને કઈ અલગ જ અનુભૂતિ થાય છે.

**છપૈયા નારાયણસરોવરની આરતી** : છપૈયામાં નારાયણ સરોવરની આરતીની શરૂઆત તેમણે કરાવી. એક વખત છપૈયામાં નારાયણ સરોવરના દર્શન કરતી વખતે તેઓ બોલ્યા કે જ્યારે ગંગાજી અને યમુનાજીની આરતી નિયમિત થાય છે તો નારાયણ સરોવરની કેમ નહી ??? આ સરોવરને તો અનંત કોટી બ્રહ્માંડના અધિપતિએ સ્નાન કરી ને મહાપાવન બનાવ્યું છે. એ વખતે તેઓશ્રીની સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ છપૈયા પધાર્યા હતા. તેમણે પૂ. લાલજી મહારાજશ્રીને વાત કરી. પૂ. લાલજી મહારાજશ્રીએ છપૈયાના મહંતશ્રીને વાત કરી. પછી છપૈયાના તાત્કાલીન મહંત સ્વામીશ્રીએ પૂ. ગાદીવાળાશ્રીની ઈચ્છા અને વચનનું માન રાખીને તરત તે જ દિવસથી નારાયણ સરોવરની સંધ્યા આરતીની શરૂઆત કરાવી દીધી. જે આત્યારે પણ નિયમિત થાય છે અને થતી રહેશે.

તેમના આશીર્વચનો ખૂબજ ઉંડાણ ભર્યા હોય છે, અને બહેનોને ગૃહસ્થાશ્રમની વિટંબણના ને સમજદારીથી ઉકેલવા અને સાથે ધર્મને સાંકળીને વ્યવહારુ અભિગમ શીખવે છે. એમના વચનોથી બહેનોને અનેક પ્રેરણાઓ મળી છે અને શ્રી નરનારાયણદેવ પ્રત્યેની શ્રધ્ધા અને નિષ્ઠા દૃઢ થઈ છે.

માત્ર એટલું જ નહી કે મુમુક્ષુઓને સત્સંગનું પોષણ કરવાના જ કાર્યો કર્યા છે. માનવતાની દૃષ્ટિએ જોઈએ તો એવા પણ અનેક કાર્યો કર્યા છે. એક સમયે બાળકોના અનાથ આશ્રમની મુલાકાત લીધી ત્યારે ત્યાં રહેલા બાળકોને જોઈને વિચાર આવ્યો કે આવા માતા-પિતા વગરના બાળકોને આપણા મંદિર તરફથી કાયમી ધોરણે કંઈ થાય તો સારૂ. આ વિચાર અને પ્રેરણાથી આપણા પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી કાલુપુર મંદિર દ્વારા ''આંગન'' સંસ્થાનું નિર્માણ થયું છે. જેમાં અનાથ બાળકોનો ઉછેર પોતાના દેખરેખ નીચે કરે છે. એક માતા તરીકેનો પ્રેમ પણ આપી રહ્યાં છે. બાળકો જ્યારે એમને ''માં'' કહી ને બોલાવે છે ત્યારે જોઈને હૈયું ભરાઈ જાય છે. એમની હૂંફ અને વાત્સલ્યથી બાળકો સનાથ બની ગયા છે અને શ્રીનરનારાયણદેવની નિશ્રામાં આનંદથી જીવન વ્યતિત કરી રહ્યા છે.

આપણે વાતો તો મોટી કરતા હોઈએ છીએ પણ કરવું કઠીન છે. પૂ. ગાદીવાળાશ્રી પોતાની બેવડી જવાબદારી, ઘરની અને સત્સંગની નિભાવે છે. પોતાના શરીર અને સમયનો ભોગ આપીને બેવડી જવાબદારી પડદામાં અને પૂ. મહારાજશ્રીની આજ્ઞામાં રહીને નિભાવી રહ્યા છે.

આ બધું કરતા અનેક કઠિનાઈ અને વિવાદો પણ થયા. જેમ કે, ત્યાગી, ગૃહસ્થ બધાનું મંતવ્ય હતું કે આજ સુધી બહેનોની જુદી સભા અને ગામડે ગામડે બહેનો ફરી ફરીને સત્સંગ કરાવ્યો નથી તો આ શું કામ નવું શરૂ કરે છે. એનાથી કંઈ ફેર નહી પડે અને બધાનો સમય બગડશે એ અલગ. પણ ગાદીવાળાશ્રીએ એકાદશીની સભામાં પોતાના હૃદયના વિચારો વ્યક્ત કર્યા. એમણે કહ્યું કે મને માત્ર શ્રૃંગાર સજીને મંદિરમાં આવીને બેસી જવાનું નથી ગમતું. સંતોષ નથી થતો. જેવી રીતે ભાઈઓ માટે સંતો ગામડે ફરીને સત્સંગનું પોષણ આપે છે એવી જ રીતે બહેનો માટે પણ કંઈ કરીએ. કેમ કે સત્સંગ અને ભગવાન પ્રાપ્તિની

ભૂખ બધાને છે. પણ ગામડાઓમાં રહેતા બહેનો અનેક કારણોથી કથા-સભાથી વંચિત રહી જાય છે. મારી ફરજ બને છે કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી આ ફરજ પુરી પાડી શકું. કેમ કે આ પદ જે છે એ એક જવાબદારી છે. જે મહારાજે સોંપી છે. અને એ જે જવાબદારી છે એ છે : **"દરેક મુમુક્ષુ જીવોને નરનારાયણદેવ ઓળખાવવા".** આપણી જે પરંપરા છે એ ગુરુમુખી નથી. આજ સુધી જેટલા પણ આચાર્યો થયા છે, અમદાવાદ અને વડતાલ ગાદીના, એમણે બધાને ભગવાન ઓળખાવ્યા છે. પછી આગળ એમણે કહ્યું કે મારી આ ઈચ્છા અને જવાબદારી પૂરી કરવામાં મને તમારો સહયોગ જોઈએ. પછી અમુક બહેનો તૈયાર થયા ગામડે ફરીને સભા કરવા માટે .એમ કરતા કરતા ગામડે ગામડે સભા સાંખ્યયોગી બહેનોની કથા, સભા શિબિરોની શરૂઆત થઈ અને આજે કહેવાની જરૂર નથી કે બહેનોનો સત્સંગ ક્યાં સુધી પહોંચ્યો છે.

કહેવાનું તો બહુ છે પણ કહ્યાં કરતા જ્યારે એમના સાંનિધ્યમાં બેસીએ તો વધારે ખ્યાલ આવે છે. એમના દયાળુ સ્વભાવ, સદાય સ્મિત વાળુ મુખ, મર્યાદિત વાણી, અને વિવેક જોઈને ધન્ય ધન્ય થઈ જઈએ છીએ. કહેવાનું સાર એ છે કે જ્યારે શ્રી નરનારાયણદેવ દેશના સત્સંગી બહેનોના ગુરુપદે વર્તમાન ગાદીવાળા આવ્યા છે જે સદ્‌ગુણી અને સદાય સત્યવચની અને મર્યાદામાં રહેવાવાળા છે. તો એમના જીવનમાંથી થોડી પ્રેરણા લઈને ધન્યભાગી બનીએ.

અનુ. પેજ નં. ૧૭ નું ચાલુ

શકીશું અને જે વ્યક્તિ આવી રીતે ચોવીસ કલાક માયા સામે ગમે ત્યારે પ્રહાર ઝીલવા માટે તૈયાર હોય છે તેવા વ્યક્તિને 'મૃત્યુ' પણ પરાજિત કરી શકતું નથી. **આ યાત્રા મોક્ષ સુધીની છે અને તેને આપણે પુરી કરવાની છે.** તો આ રીતે રામાયણમાં ભગવાન રામે યુધ્ધમાં વિભીષણને ઉપદેશ આપી સમગ્ર માનવજાતિને એક સરસ સંદેશ પુરો પાડ્યો છે. એવી જ રીતે મહાભારતના યુધ્ધમાં ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનો જે સંવાદ છે તેમાંથી પણ આપણને ઘણું બધું શીખવા મળે છે. જો સત્‌શાસ્ત્રો ધ્યાનથી વાંચશો તો તેમાંથી ઘણો બધો ઉપદેશ મળશે. માટે શાસ્ત્રો વાંચવાનો પણ ખૂબ આગ્રહ રાખવાનો. **આપણા જે ઈષ્ટદેવ આપણા સ્વામિનારાયણ ભગવાને તો કાંઈ પણ 'આયુધ' ધારણ કર્યા વગર શાસ્ત્રોરૂપી શસ્ત્રથી અંતઃશત્રુને જીતવાની શીખ આપી છે.**

●

**છપૈયાધામ**

- લાભુબેન મનુભાઈ પડેલ (કુંડાળ, તા. કડી)

પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ નું પ્રાગટ્ય ભારતનાં ઉત્તર પ્રદેશમાં સંવત ૧૮૩૭ ની ચૈત્ર સુદ નવમીના દિવસે અયોધ્યાપુરી પાસેના છપૈયા ગામમાં થયું હતું. જન્મતાની સાથે જ તેમણે અનંત બાળચરિત્રો કરવાનું શરૂ કર્યું હતું. છઠ્ઠે દિવસે જ કાળિદત્તે મોકલેલી કૃત્યાઓ કોટરાગણ તેમનો નાશ કર્યો અને પછી માતા-પિતાને દિવ્ય સુખ આપવા લાગ્યા. આનંદમાં દિવસો જતા હતા પણ આ અસુરો વારંવાર ઉપદ્રવ કરતા હતા. તેઓ જ્યારે ત્રણ વર્ષના થયા અને ચૌલ સંસ્કાર કર્યા ત્યારે નાનાં-નાનાં બાળકો સાથે શ્રીહરિ રમવા ગયા ત્યારે કાળીદત્ત નામના અસુરે શ્રીહરિને મારવાની ઈચ્છા કરી પણ પોતાની ઐશ્વર્ય શક્તિથી તેમણે કાળીદત્તનો નાશ કર્યો. આવા વારંવાર ઉપદ્રવો થવા લાગ્યા. પરંતુ બાળ ઘનશ્યામ આ બધાં પાપ-તાપને શમાવીને આનંદ આપી રહ્યા છે. ધર્મદેવનું નાનું સુંદર ઘર હતું. જ્યાં એક ચોતરો હતો. ચોતરા પાસે આંબલીનું એક વૃક્ષ હતું. એની નીચે બેસીને તેઓ આનંદ કરાવી રહ્યા હતા. આખુંય કુટુંબ ભક્તિમય હતું. સુવાસીની ભાભી બાળ ઘનશ્યામને ઘણા જ હેતથી રમાડતા હતાં. દિવસે ન વધે એમ રાત્રે વધે એવી રીતે તેઓ મોટા થવા લાગ્યા. અનંત ચરિત્રો છપૈયામાં કર્યા. તેઓ આખાય કુટુંબને ખૂબ આનંદ-આનંદ કરી દેતા. અસુરનો ઉપદ્રવ થતાં સહકુટુંબ અયોધ્યા રહેવા ગયા. અયોધ્યામાં બરહટ્ટા શાખાના નામે જગ્યા છે. એ જગ્યાએ રહેવા લાગ્યા. અને માતા-પિતાને દિવ્ય ગતિ આપી. માતાજીએ પૂછ્યું કે મોક્ષનું અસાધારણ લક્ષણ શું ? ત્યારે બાળ ઘનશ્યામે કહ્યું કે;

દ્રષ્ટા : સ્પષ્ટાનતાવા, કૃતપરીચરણા ભોજીતાઃ-પૂજીતાવા.

કપિલજીએ જેમ દેવહુતિ માતાને કપિલગીતા કહી હતી તેમ બાળ ઘનશ્યામે હરિગીતા માતાજીને કહી છે.

આ હરિગીતાનો પાઠ જે કરશે, અંતકાળે હરિગીતા ગાશે, સાંભળશે, સંભળાવશે તેને શ્રીહરિ અવશ્ય અક્ષરધામમાં લઈ જશે. આ રીતે બાલ ઘનશ્યામે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સહિત પાંચ પ્રકરણની હરિગીતા કરી છે. સાચા સંતની સેવાથી તેના સમાગમથી જીવાત્મા અજ્ઞાનરૂપી અંધકારથી છૂટી મોક્ષને પામે છે.

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાઈ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં તા. ૨૬-૮-૨૦૨૪ શ્રાવણ વદ-૮ ના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું ભવ્ય સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસાદીનો સભા મંડપ, નિજ મંદિરના ચોક ને રોશનીથી તેમજ સુંદર મંડપ આદિથી શણગારવામાં આવેલ. આજના દિવસે ભારે વરસાદની આગાહી હતી અને જે ખરેખર વરસાદ સવારથી રાત્રી સુધી સતત ચાલુંજ હતો. પરંતુ ભગવાનના ભક્તનો ઉત્સાહ એવો હતો કે સતત ચાલું વરસાદે હજારો ભાઈઓ બહેનોએ રાત્રીના ૯ થી ૧૨ સુધી કીર્તન-ધૂન, રાસ ગરબાની રમઝટ બોલાવી હતી, કોઠારી મુનિ સ્વામી અને તેમની ટીમ કોઈ રીતે હારે એમ નહોતી. જન્મોત્સવ કાંઈક ઓર અને ગજબનો ઉજવવાની નેમ કરી રાખી હતી. ભગવાન પણ સાથેજ હતા એટલે શહેરના તમામ વિસ્તારમાં પાણી ભરાયા હતા. તો પણ હરિભક્તો ગમે તેમ કરી લાભ લેવાનું ચૂક્યા ન હતા. તમામને ફરાળી પ્રસાદ જમાડવામાં આવેલ. જ્યાં ૧૨ ના ટકોરા પડ્યા અને શ્રીકૃષ્ણ ભગવાનના જય જય કાર સાથે ભવ્યતાથી જન્મોત્સવ આરતી સંપન્ન થઈ હતી. આનંદ, ઉત્સાહની સીમા ન હતી. આ વખતનું આયોજન દાદ માગી લે તેવું અદ્‌ભુત અને અલૌકિક હતું.

હજારો ભક્તોને પંજાજીરી નો સુંદર પ્રસાદ વહેંચાયો હતો. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂ. મહંત સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી પ્રસંગના યશસ્વી યજમાન અ.નિ. પટેલ મહેશભાઈ પ્રહલાદભાઈ, ગં. સ્વ. ચંપાબેન મહેશભાઈ (ડાંગરવાવાળા-રાણીપ) તથા અ.નિ. બળદેવભાઈ જીવણદાસ પટેલ - હ. અશ્વિન બળદેવભાઈ પટેલ, કોકિલાબેન બળદેવભાઈ પટેલ (મેઘાણીનગરવાળા) આદિ પરિવારે આવો મહા લાભ લઈ ધન્યભાગી બન્યા હતા. (કોઠારી શાસ્ત્રી નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં જલઝીલણીના શ્રી ગણપતિજીનો વરઘોડો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના પરંપરાગત શ્રી ગણપતિજીનો વરઘોડો ખૂબ ધામધૂમથી સંપન્ન થયો.

આ વખતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નિજ મંદિર પાસે ભવ્ય પંડાલમાં શ્રી ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. જેના કારણે હજારો દાદાના ભક્તો નિત્યે મોટી સંખ્યામાં દર્શન કરવા આવતા હતા.

શ્રી ગણેશ ચતુર્થીના પ્રથમ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ પ્રથમ શ્રી ગણપતિ મહારાજનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ નિજ મંદિરમાં બિરાજમાન શ્રી ગણપતિજીની આરતી ઉતારી હતી.

તા. ૧૪-૯-૨૦૨૪ ના જલઝીલણી એકાદશીના સવારે ૧૧ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. મંદિર ઉપર બિરાજમાન શ્રી ગણપતિજીની આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ સાથે શ્રીહરિના ૭ માં અને ૮ માં વંશજ સાથે પૂ. મહંત સ્વામી આદિ સંત મંડળ જોડાયા હતા. મંદિરના ચોકમાં ઓચ્છવ કરતા કરતા મુખ્ય પ્રવેશ દ્વાર ઓચ્છવ પાસે પહોંચતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સ્વા. બાગ પધાર્યા હતા. સાંજના નારણઘાટ મંદિરમાં ઓચ્છવ મંડળે સુંદર ઓચ્છવ કરી ઠાકોરજીને જળવિહાર કરાવી વરઘોડો રાત્રે પરત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર આવ્યો હતો. અને ઓચ્છવ કરી પૂર્ણાહુતિ કરી હતી. (કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ભાદરવા સુદ પૂનમની સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ભાદરવા સુદ-૧૫ તા. ૧૮-૯-૨૦૨૪ ના રોજ સત્સંગ સભાનું સુંદર આયોજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થયું હતું.

સત્સંગ સભાના યજમાન એક હરિભક્તે લાભ લીધો હતો. આજની સત્સંગ સભાના વક્તા પૂ. સ.ગુ. શા. સ્વામી સદ્‌ગુણદાસજીએ સુંદર કથાનો લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન પૂ. શા. વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)એ સુંદર રીતે સંભાળ્યું હતું. (કોઠારી શા. મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા**

શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણામાં જેતલપુરધામથી પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, શા. જનમંગલ સ્વામી આદિ સંત મંડળે પધારી સત્સંગ સભા કરી કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. ગામના સૌ ભક્તોને શ્રી નરનારાયણદેવની નિષ્ઠા રાખવા ઉપર સુંદર વાત કરી હતી. છેલ્લે શ્રીહરિ નામ સ્મરણ ધૂન કરી ઠાકોરજીની આરતી ઉતારી સંતો વિદાય થયા હતા. (ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (નાલંદા-૨)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં આપણા તમામ ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ અવનવા સુંદર હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવી દર્શન કરાવ્યા હતા. જેમાં ભાઈઓ બહેનોએ પ્રેરણાત્મક સેવા કરી હતી.

(કે.વી. પ્રજાપતિ - કોઠારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) અને હર્ષદ કોલોનીમાં સત્સંગલક્ષી પ્રવૃત્તિઓ**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તેમજ પૂ. મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૩-૭ થી ૨૧-૮-૨૪ પર્યંત વિધવિધ પ્રકૃતિ જન્ય અને આર્ટીફિસીયલ વસ્તુઓના દરરોજ વિવિધ કલાત્મક હિંડોળા બહેનો દ્વારા બનાવીને ઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. યુવક મંડળે કલાત્મક મંડપની રચના કરી હતી. હર્ષદ મંદિરમાં બાલિકાઓ દ્વારા કલાત્મક હિંડોળા થયા હતા.

આગામી વિશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૨૦ સત્સંગ સભાઓ પૈકીની આઠમી સત્સંગ સભા એપ્રોચ મંદિરે સાંજના ૪ થી ૭ દરમિયાન થઈ હતી. પ્રારંભમાં બે કલાકની ધૂન થઈ હતી. કાલુપુર મંદિરેથી પધારેલ સંતો પૈકી પૂ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ દેશ વિભાગના લેખની મર્યાદામાં રહીને સત્સંગ કરવા ખાસ અનુરોધ કર્યો હતો. અન્ય સંતોએ નિયમ નિશ્ચય પક્ષને અનુલક્ષીને સત્સંગની વાતો કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રી કેદારનાથ ગુફાની સુંદર રચના કરવામાં આવી હતી. સભાના અંતે પૂ. મહંત સ્વામી તથા સંતો તેમજ યજમાનશ્રી પ.ભ. અરવિંદભાઈ આર. દોંગાએ આ ગુફાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગુફામાં પ્રાકૃતિક દ્રશ્ય સાથે જળાશય તથા બરફનું શિવલિંગ તથા હિંડોળામાં ઝૂલતા શ્રી નરનારાયણદેવનું નયનરમ્ય દર્શન થતું હતું.

તા. ૧૧-૮- ના પ્રાતઃ કાળે એપ્રોચથી કાલુપુર મંદિર સુધી પદયાત્રા કરી સંતો ભક્તોએ શ્રી નરનારાયણદેવનું દર્શન કર્યું હતું. એજ દિવસે પ.ભ. શ્રી દાસભાઈની પ્રેરણાથી હર્ષદ કોલોની બાળ મંડળના સંચાલક ગોરધનભાઈ સીતાપરાએ બાળકોને ઓટો રિક્ષાઓના માધ્યમથી કાલુપુર મંદિરે લઈ જઈ દેવોનું, હિંડોળાનું તથા હિંડોળા પ્રદર્શનનું દર્શન કરાવ્યું હતું. બાળકોને એટલી મઝા પડી હતી કે હિંડોળા પ્રદર્શનનું ત્રણવાર દર્શન કર્યું હતું. ગોરધનભાઈએ બાળકોને સમગ્ર મંદિર સંકુલનો મહિમા તથા જાંબુડાવાળા ખાંચામાં શ્રીહરિનું લીલા ચરિત્ર તેમજ 'આંગન' વિશે માહિતગાર કરી સમજૂતી આપી હતી. પૂ. મહંત સ્વામીની ઓફિસમાં પૂ. જયપ્રકાશદાસજી સ્વામીએ રાજી થઈ દરેક બાળકોને મગસના પ્રસાદની બે બે લાડુડી અપાવી હતી.

હર્ષદ કોલોની બહેનોના મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે દરરોજ બે કલાકની ધૂન થઈ હતી. તા. ૧૭-૮ નારોજ કાલુપુર મંદિરેથી સાંખ્યયોગી બહેનોએ પધારીને સ્ત્રી ભક્તોને સત્સંગનો વિશેષ લાભ આપ્યો હતો. ચાતુર્માસ નામ ધર્માદાની કથામાં ગાંધીનગર મંદિરના મહંત શા. સ્વામી વ્રજભૂષણદાસજી તેમજ શા. સ્વામી ભક્તિજીવનદાસજી આદિક સંતોએ ત્રણ દિવસ સુધી રાત્રી સેશનમાં કથા વાર્તા કરી હતી.

બન્ને મંદિરમાં જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

એપ્રોચ મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે તા. ૧૨-૮ થી ૧-૯ પર્યંત મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને શા. સ્વામી ભક્તિકિશોરદાસજીના વક્તાપદે સાંજના સેશનમાં શ્રીમદ્ સત્સંગિજીવનની વિશેષ કથા તથા તા. ૧-૯ ના રોજ સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. તેમજ ૬ કલાકની ધૂનનું આયોજન થયું હતું. ધૂનના અંતે આશીર્વાદ આપવા માટે પૂ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) તેમજ કલોલ, નાથદ્વારા, પોરડા આદિક મંદિરોથી ૧૨ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતા. હર્ષદ કોલોની બહેનોના મંદિરમાં પણ ૫ કલાકની ધૂન થઈ હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)



શ્રી સ્વામિનારાયણ

# કર્તાપણાનું અભિમાન

ડો. એચ.વી.કેરાઈ(અંજાર-કચ્છ)

આજે આખા જગતમાં કોઈ પણ એવો મનુષ્ય નહિ હોય જેને કર્તાપણાનું અભિમાન ન હોય. આ વાત બોલવી સહેલી છે પણ અમલમાં મૂકવી અઘરી છે. જગતના જીવપ્રાણી માત્ર માયાડૂબ છે જે કોઈ ક્રિયા કરે એમાં હુંપણું જરૂર હોય. કંઈક સારૂં થાય તો પોતાની જાતને યશ અપાવે. લગીરે પણ ખરાબ થાય તો બીજા પર ઢોળી નાખે.

પોતાના કર્તવ્યપણાના અભિમાનથી જે જે ક્રિયા થાય તે સર્વ ક્રિયા બંધનકારક છે. આપણી મોટા ભાગની ક્રિયા રમકડાં રમતાં બાળક જેવી હોય છે. એ રેતીનાં મકાન બાંધે, મળ—મૂત્રને પણ વીખે,એને સારા ખરાબની ઝાઝી ખબર ન હોય.

જયાં કર્તાપણાનું અભિમાન નથી તો ક્રિયાનું પાપ-પુણ્ય પણ નથી. પણ જગતમાં એવા માણસો શોધવા કયાં.?

માણસને એનાં કર્મનું ફળ દેવું એતો જગતપિતા ભગવાનનું કાર્ય છે છતાંય માનવી એમાં માથું મારતો હોય છે. ભગવાનને કોઈ સંભારતું નથી.

એકંદરે જોવા જતાં આપણી સર્વ ક્રિયામાં કે સંકલ્પમાં માલ નથી. પણ નર્યું અજ્ઞાન છે. આપણા જે કાર્યમાં કે સંકલ્પમાં ભગવાનનો સબંધ હોય એજ જ્ઞાનમય ગણાય. બાકી સઘળું મિથ્યા છે..

ભગવાનના એકાંતિક ભકતની અને વિમુખ જીવની ક્રિયામાં મોટો તફાવત છે. કુસંગી કે વિમુખ જે પણ ક્રિયા કરે છે એ પોતાની ઈન્દ્રિયોને લાડ પમાડવા કરે છે. અને ભગવાનનો ભકત જે કંઈ ક્રિયા કરે છે તે કેવળ ભગવાન કે ભગવાનના સત્પુરૂષોને રાજી કરવા કરે છે. કુસંગીની જે કોઈ ક્રિયા છે તે સ્વાર્થી છે. ભકતની ક્રિયા ભકિતરૂપ છે.

ક્રિયા એકની એક હોય પણ વિનિયોગમાં ફેર પડવાથી પ્રાપ્તિમાં જબરો ફેર પડી જાય છે. એજ ક્રિયાને જો ભગવાનની આજ્ઞારૂપ સંબંધી હોય અને એ ક્રિયા જો ભગવાનના રાજીપા માટે જ થતી હોય તો એ મોક્ષદાય બને છે. ઈશ્વર પરમ ચૈતન્ય સ્વરૂપ છે. સુખની મૂર્તિ છે. એટલે એમની શકિત પણ એવી જ પ્રભાવશાળી છે. એમનાં સ્મરણ માત્રથી સર્વત્ર મંગળ થઈ જાય છે.

એકંદરે સુખ શાંતિ કે જ્ઞાન એનું મૂળ ભગવાન છે. ભગવાન જ મોક્ષદાતા છે. એટલે એમના સંબંધ જે ક્રિયાથી થાય તે ક્રિયા આત્યાંતિક મોક્ષપદ બને છે.

પરમાત્મા પ્રભુ હંમેશાં મનુષ્યોનું ભલું ઈચ્છે છે. એમના સામ્રાજયમાં કોઈ નાનું મોટું નથી. ગરીબ—પૈસાદારનો કોઈ અલાયદો વાડો નથી. જે કોઈ સાચા અંતઃકરણથી સત્સંગ ભકિતમાં જોડાય છે અને એમનો આશ્રય લે છે એ સૌ એમના છે. બાકી તો વિમુખ જીવ પણ ઘણા હોય . જેમને શ્રીજીનો આશ્રય ન હોય.કર્તવ્યપણાનું અભિમાન હોય અને પ્રભુનાં ચરિત્ર આગળ પણ કર્મની પ્રસંશા કરે.એ સાચા અર્થમાં પ્રભુનાં અસ્તિત્વને પીછાની શકતો નથી. એટલે ઘણીવખત ઈશ્વરને નિરાકાર પણ સમજે છે.

એવો મનુષ્ય રાત દિવસ ભલે સત્સંગમાં પડયો રહે પણ જયાં સુધી એને ઈશ્વરનું સાકારપણું સમજાયું નથી ત્યાં સુધી એનો સત્સંગ અધુરો છે..

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ એક
Shree Swaminarayan Mandir Amdavad-One

Mahant Shastri Swami
Purusottamprakasdasji

તા. ૨૧-૦૯-૨૦૨૪

॥ શ્રીહરિઃ ॥

## સંપ્રદાયના તમામ હરિભક્તોને અગત્યનું સૂચન

સ્વામિનારાયણ સંપ્રદાય અને મહારાજની આજ્ઞા અનુસાર મંદિરો અને દરેક પ્રકારના વહીવટને સ્પષ્ટ અને લેખિત તથા પારદર્શક કરવાના હેતુ અનિવાર્ય છે.

મંદિરનો વહીવટ મહારાજની આજ્ઞા અને ચેરિટીના નિયમ અનુસરે થાય તેનો ચીવટ ભર્યો આગ્રહ આપણે રાખ્યો છે.

સર્વેને જણાવાનું કે જો કોઈ પણ હરિભક્ત (ભાઈઓ/બહેનો/દીકરા/દીકરીઓ) મંદિરના નામે કોઈ પણ પદાર્થ કે પૈસા માંગે, સાધુ/બ્રહ્મચારી/ભગત/હરિભગત/સાંખ્યયોગી/બહેનો, તો સર્વે ને સ્પષ્ટ મહારાજશ્રીની આજ્ઞા છે કે કાલુપુર મંદિરની પાકી પહોંચ પ્રાપ્ત કરી લેવી.

નાના માં નાની રકમ, અનાજ, ઠાકોરજી માટે ઘરેણાં અથવા વાઘા (નાના મોટા બધા પદાર્થ અને પૈસા).

પહોચ વગર જો કોઈ વહીવટ થશે તો કોઈ જવાબદારી આપેલ વ્યકિતની થશે મંદિરની નહી.

વિશેષ જે અર્થે વસ્તુ કે પૈસા આપતા હોઈ તે જગ્યા મંદિર ગામ કે માંગનાર દેવ સાથે સંકળાયેલા છે તેની તપાસ કોઠાર અથવા વહીવટકર્તા પાસે કરવી.

આ કાગળ ને દરેક મંદિર અમદાવાદ દેશના નોટિસ બોર્ડ ઉપર ફ્રેમ કરી દરેક હરિભક્તો, ભાઈઓ અને બહેનોને ખાસ જાણ કરવી એવી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા છે.

- પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી

શ્રી મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મં
કાલુપુર.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ મો.:- ૯૮૨૫૦૩૧૮૭૭, ૮૨૩૮૦૦૧૬૬૬
Shree Swaminarayan Temple, Kalupur, Ahmaedabad-380001 Mo.:9825031877, 8238001666

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**જેઠ સુદ-૧** પ.ભ. રાધાબાઈ લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), અ.નિ. સ.ગુ. સ્વા. ઘનશ્યામપ્રસાદદાસજી ગુરુ પુરાણી સ્વા. ઘનશ્યામચરણદાસજી (કાલુપુર મંદિર). **જેઠ સુદ-૨** પ.ભ. કાનજી પ્રેમજી વરસાણી (કોડકી-કચ્છ), અ.નિ.પ.ભ. શર્મિષ્ઠાબેન કાંતિલાલ ભટ્ટ (દિવકા કોલોની). **જેઠ સુદ-૩** પ.ભ. શર્વિલના લગ્ન પ્રસંગે (અમદાવાદ), અ.નિ.પ.ભ. પરસોતમદાસ શિવદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. ગં.સ્વ. રૂખીબેન અંબાલાલ પટેલ (ગવાડા), અ.નિ.પ.ભ. પાર્ષદ દેવુ ભગત જયસિયારામ (રાણા કંડોરણા), અ.નિ.પ.ભ. હિંમતલાલ મગનલાલ (અમદાવાદ), પ.ભ. પાર્ષદ ભગુ ભગત નિમિત્તે (ટીંબા), પ.ભ. પ્રીત-ઋષિ નંદુભાઈ પટેલ (મોટેરા), પ.ભ. અશોકભાઈ રાવજીભાઈ પટેલ (કાળીગામ), પ.ભ. અંબાલાલભાઈ એમ. પટેલ (રાણીપ). **જેઠ સુદ-૪** પ.ભ. કાંતાબેન કુવરજી હિરાણી (સુખપર-કચ્છ), પ.ભ. લતાબેન જસુભાઈ કાછીયા (બાલાસિનોર), અ.નિ.પ.ભ. મણીબેન અંબાલાલ ભાવસાર (વડનગર), પ.ભ. પ્રાપ્તિબેન ચંદ્રકાન્તભાઈ પટેલ (રાણીપ). **જેઠ સુદ-૫** અ.નિ.પ.ભ. શામબાઈ વિસરામ ગામી (માધાપર-કચ્છ). **જેઠ સુદ-૬** પ.ભ. રાજેશકુમાર જયંતીલાલ પટેલ (મોટેરા), પ.ભ. લાલજી કેસરાભાઈ કેરાઈ (માંડવી-કચ્છ). **જેઠ સુદ-૭** પ.ભ. જયરાજભાઈ નગીનદાસ પટેલ (લસુન્દ્રા), અ.નિ.પ.ભ. અરૂણાબેન હિંમતલાલ સોની (અમદાવાદ). **જેઠ સુદ-૮** પ.ભ. દિલીપભાઈ શંભુભાઈ સોની (અમદાવાદ), અ.નિ.પ.ભ. મધુકાંતા માણેકલાલ પટેલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. અમરબાઈ શામજી શિયાણી (માનકુવા-કચ્છ). **જેઠ સુદ-૯** પ.ભ. મધુબેન સોમદાસ પટેલ (સાણંદ). **જેઠ સુદ-૧૦** અ.નિ.પ.ભ. ચિમનભાઈ મરઘાભાઈ પટેલ (ધમાસણા), અ.નિ.પ.ભ. રામાભાઈ વાલાભાઈ પટેલ (રતનપુર-સંતરામપુર), અ.નિ.પ.ભ. અમથીબેન મથુરદાસ પટેલ (વડુ), પ.ભ. નવીનચંદ્ર છબીલદાસ વડોદરીયા (અમદાવાદ), પ.ભ. નિલેશભાઈ લલ્લુભાઈ માંગુકિયા (અમદાવાદ), એરટેક એન્જી. કું (અમદાવાદ), પ.ભ. નિકીતા કમલેશભાઈ દવે (અમદાવાદ), પ.ભ. આદિત્ય દિપકકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. રમણભાઈ ભગવાનદાસ પટેલ (ધમાસણા). **જેઠ સુદ-૧૦/૧૧** પ.ભ. સોની કૃષ્ણકાંત કાંતિલાલ (સાણંદ), પ.ભ. મિત રાકેશ ચોકસી (રાજકોટ). **જેઠ સુદ-૧૧** પ.ભ. મિતલબેન રાજેશભાઈ પટેલ (મોખાસણ). **જેઠ સુદ-૧૨** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. ગભરૂભાઈ એમ. વેકરીયા (સુરત), પ.ભ. નર્મતાબેન જગદીશભાઈ પટેલ, નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. (ગાંધીનગર), પ.ભ. ભીમજીભાઈ નાનજીભાઈ વાટલીયા (નિકોલ), પ.ભ. કું. સુહેલીયા હાર્દિક જોશી (વહેલાલ), પ.ભ. ક્રિનાબેન પુસ્કલભાઈ પટેલ (અમદાવાદ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ). **જેઠ સુદ-૧૩** પ.ભ. કાનબાઈ કરશન વેકરીયા (સુખપર-કચ્છ), અ.નિ.પ.ભ. લાલજી હરજી કેરાઈ (ગોડપર-કચ્છ), પ.ભ. લાવરી વિજયભાઈ ભુદરભાઈ (વસ્ત્રાલ), પ.ભ. લીશાબેન નરેન્દ્રભાઈ પટેલ (ઝુલાસણ). **જેઠ સુદ-૧૪** પ.ભ. પ્રતિકભાઈ નારણભાઈ પટેલ (અંબાપુર), અ.નિ.પ.ભ. લાલભાઈ કેશવલાલ પટેલ (મુબારકપુરા), ઉનાવા મિત્ર મંડળ, પ.ભ. દેવસ્વી જીગરભાઈ પટેલ (રાણીપ), અ.નિ.પ.ભ. વાડીભાઈ રામદાસભાઈ પટેલ (અમદાવાદ). **જેઠ સુદ-૧૫** અ.નિ.પ.ભ. સવિતાબેન ચિમનલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. નારાયણભાઈ વરસાણી તથા રજનીભાઈ (સામત્રા-કચ્છ), પ.ભ. આશાબેન ચંપકલાલ ઠક્કર (અમદાવાદ)

**જેઠ વદ-૧** અ.નિ.પ.ભ. નારણ કાનજી રૂપારેલીયા (ભુજ-કચ્છ), પ.ભ. મનીષ જીતુભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ. સુરેશભાઈ ભગવાનભાઈ (સોલા), અ.નિ.પ.ભ. બાળકૃષ્ણ પરસોતમભાઈ પટેલ (બાપુનગર), પ.ભ. નેન્સીબેન ભાવેશભાઈ ખાત્રાણી (નિકોલ), પ.ભ. નિવા મયંક પટેલ (લસુન્દ્રા), પ.ભ. ખુમાનસિંહ હેમાજી ચૌહાણ (ટાંકીયા). **જેઠ વદ-૩** પ.ભ. ધનજી કરશન હિરાણી (માંડવી-કચ્છ), ધર્મકુળ આશ્રિત યુવક મંડળ (નિકોલ). **જેઠ વદ-૪** પ.ભ. અમરબાઈ ધનજી હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. સોલોશભાઈ ગોપાલભાઈ નાયક (પાનસર). **જેઠ વદ-૫** પ.ભ. ઘનશ્યામભાઈ સાગરભાઈ પટેલ (મુબારકપુર), પ.ભ. વિષ્ણુભાઈ ગાંડાભાઈ પટેલ (સોલા), પૂજ્ય બિન્દુરાજા (સ્વા. બાગ મેમનગર), અ.નિ. સ્વા. ભજનપ્રકાશદાસ તથા અ.નિ. સ્વા. અચલસ્વરૂપદાસજી (કુંડલધામ). **જેઠ વદ-૬** અ.નિ.પ.ભ. વિરબાઈ કાનજી હિરાણી (ભારાપર-કચ્છ). **જેઠ વદ-૭** પ.ભ. ગોરધનભાઈ પ્રાણભાઈ પટેલ (અમદાવાદ). **જેઠ વદ-૯** પ.ભ. ચાવડા રણજીતસિંહ બળદેવજી (બિલોદરા), પ.ભ. નારાયણભાઈ ઈશ્વરભાઈ પટેલ (પોર), પ.ભ. મગનભાઈ પ્રભુભાઈ પટેલ (ધરમપુર-કડી), પ.ભ. કશ્યપ હિંમતભાઈ વાડદોરીયા (અમદાવાદ). **જેઠ વદ-૧૦** અ.નિ.પ.ભ. ભરતભાઈ જગજીવનદાસ ગજ્જર (અમદાવાદ), અ.નિ.પ.ભ. મહેન્દ્રભાઈ ખેમચંદભાઈ સોની, પૂજ્ય સૌમ્યભૈયા પ્રફુલકુમાર દ્રિવેદી (હ. પૂજ્ય બિન્દુરાજા) (અમદાવાદ). **જેઠ વદ-૧૩** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. પંકજભાઈ કિરીટભાઈ પટેલ (મોખાસણ), શ્રી રાધાકૃષ્ણદેવ પ્રસન્નાર્થે પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ). **જેઠ વદ-૧૪** પ.ભ. કમલેશકુમાર એમ. પટેલ (અમદાવાદ). **જેઠ વદ-૩૦** સ.ગુ. સંત સ્વામી (સ્વા. મંદિર કાલુપુર), પ.ભ. મયંકભાઈ કામદાર (અમદાવાદ)

**અષાઢ સુદ-૨** પ.ભ. હાર્દિક બળદેવભાઈ ચૌધરી (બદપુરા), પૂ. સંત સ્વામી (કાલુપુર મંદિર), પ.ભ. આયુષીબેન દેવેનભાઈ દિનેશભાઈ સોની (અમદાવાદ), શ્રી ઘનશ્યામ ટીમ્બર માર્ટ પ.ભ. કરશનભાઈ, પ.ભ. દિપકભાઈ મણીલાલ સોની (અમદાવાદ), પ.ભ. સવિતાબેન રણછોડભાઈ દેવાણી (નિકોલ), પ.ભ. ભરતકુમાર સોમાલાલ મોદી (હિંમતનગર), પ.ભ. તેજેશ રમણલાલ મોદી (વડનગર),

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પ.ભ. યતિન નંદુભાઈ પટેલ (કલોલ), અ.નિ. મનીષભાઈ શામજીભાઈ માંકડીયા (પ્રેમગઢ-જેતપુર). **અષાઢ સુદ-૩** અ.નિ. ચતુરભાઈ ઝવેરદાસ સોની (ઉનાવા), પ.ભ. જીવાભાઈ મફતભાઈ પટેલ (ચડાસણા), પ.ભ. ધ્રુવભાઈ ગૌરવભાઈ પટેલ (અમદાવાદ). **અષાઢ સુદ-૪** પ.ભ. ગીરાબેન ભોળાભાઈ પટેલ (નારણપુરા). **અષાઢ સુદ-૫** પ.ભ. નંદીની કમલેશભાઈ પટેલ (અમદાવાદ). **અષાઢ સુદ-૬** પ.ભ. કલ્પનાબેન ભટ્ટ (અમદાવાદ), અ.નિ. વેલબાઈ વિશ્રામભાઈ ભગત (મોરબી). **અષાઢ સુદ-૮** પ.ભ. સુરેશભાઈ મણીલાલ ગજ્જર (નારણપુરા), પ.ભ. મનહરભાઈ એન. પટેલ (અમદાવાદ), પ.ભ. હર્ષદભાઈ એલ. પટેલ (શિલજ), પ.ભ. કનુભાઈ જે. પ્રજાપતી (અમદાવાદ), પ.ભ. રેવાબેન જસવંતભાઈ પટેલ (ઉંઝા), અ.નિ. કેસરબાઈ કલ્યાણ કેરાઈ (મેઘપર-કચ્છ). **અષાઢ સુદ-૯** પ.ભ. શ્રેય દર્શન પટેલ (અમદાવાદ), અ.નિ. મંગુબેન કે. પટેલ (ખેરોલ). **અષાઢ સુદ-૧૦** અ.નિ. નવીનભાઈ ભોગીલાલ હિરાણી (માનકુવા-કચ્છ), અ.નિ. શંકરભાઈ મૂળજીભાઈ પટેલ (અમદાવાદ) **અષાઢ સુદ-૧૨** સાંખ્યયોગી મંજુબા (હવેલી), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), અ.નિ. રસિકભાઈ રાજાભાઈ ઝવેરી (અમદાવાદ), પ.ભ. નટવરભાઈ પી. પટેલ (કલોલ), પ.ભ. ભગવાનભાઈ શંકરભાઈ પટેલ (મણીપુરા), અ.નિ. પરબત નાથા (કુંદનપર-કચ્છ), પ.ભ. દેવસી હિરજી ભૂડીયા (સુખપર-કચ્છ). **અષાઢ સુદ-૧૩** પ.ભ. પ્રેમબાઈ દેવસી વેકરીયા (મદનપુર-કચ્છ), પ.ભ. પરસોતમભાઈ હરિભાઈ પટેલ (મોખાસણ), અ.નિ. માવજી શિવજી જેસાણી (સુખપર-કચ્છ). **અષાઢ સુદ-૧૪** પ.ભ. અતિશ પ્રકાશભાઈ ભાવસાર (અમદાવાદ). **અષાઢ સુદ-૧૫** પ.ભ. વાલજી કરશન હિરાણી (બળદીયા-કચ્છ), પ.ભ. નટવરભાઈ ભૂલાભાઈ પટેલ (ધમાસણા), અ.નિ. હસુભાઈ અમૃતલાલ મહેતલીયા (મુંબઈ), પ.ભ. વિજયાબેન લક્ષ્મીબેન રમણીકલાલ દાણી (મુંબઈ), પ.ભ. શાંતિલાલ તથા ભરતભાઈ (સુખપર-કચ્છ), પ.ભ. શિવ સાહિલભાઈ રાઠોડ (અમદાવાદ), પ.ભ. માધવજી શામજી ભૂડીયા (ભુજ), અ.નિ. કાનજી માવજી ભૂડીયા (સુખપર-કચ્છ), પ.ભ. હરિવંશ વિશાલભાઈ પટેલ (અમદાવાદ).

**અષાઢ વદ-૨** પ.ભ. ઘનશ્યામભાઈ મૂળજીભાઈ ઠક્કર (ગાંધીધામ), પ.ભ. પરસોતમભાઈ રામજીભાઈ સાપરા (અમદાવાદ). **અષાઢ વદ-૩/૪** પ.ભ. રમેશભાઈ ગોવિંદભાઈ પટેલ (સુરત), પ.ભ. દેવજીભાઈ દિનેશભાઈ કથીરીયા (સુરત), પ.ભ. નંદુભાઈ હરિભાઈ પટેલ (ઝુંડાલ), અ.નિ. જ્યોત્સનાબેન ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ગૌરાંગ મનસુખભાઈ પટેલ (અમદાવાદ) **અષાઢ વદ-૫** પ.ભ. શ્લોક વાસુદેવભાઈ પટેલ (કલોલ), પ.ભ. મંજુલાબેન જયંતીલાલ શાહ (અમદાવાદ) **અષાઢ વદ-૭** અ.નિ. વિરૂબેન જેરામભાઈ રાદડીયા (ગાંધીનગર). **અષાઢ વદ-૮** અ.નિ. શંકરભાઈ મૂળજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કેસુભાઈ બેચરભાઈ કાછડીયા (રાજકોટ), પ.ભ. રવિના, ઉર્વિશ કનુભાઈ ચૌધરી (અમેરિકા), પ.ભ. ભૂપેન્દ્રભાઈ મનુભાઈ પટેલ (કલોલ), પ.ભ. રતનબેન મૂળજી હાલાઈ (નારણપર-કચ્છ), અ.નિ. ગોપાળભાઈ ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દેવલબેન કિંજલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરિદર્શનભાઈ લાલભાઈ ભાઈ (અમદાવાદ). **અષાઢ વદ-૯** પ.ભ. હરિ અમલેશભાઈ (અમદાવાદ), પ.ભ. અતુલભાઈ અરવિંદભાઈ પટેલ (લસુન્દ્રા). **અષાઢ વદ-૧૦** અ.નિ. જસુબેન દેવસી રાબડીયા (સુખપર-કચ્છ), પ.ભ. ભીખાભાઈ નારણદાસ પટેલ (મોખાસણવાળા). **અષાઢ વદ-૧૨** અ.નિ. હેમલતાબેન દિનેશચંદ્ર ચોકસી (અમદાવાદ), પ.ભ. ભીખાભાઈ વસ્તારામ પટેલ (સોજા-વડનગર), પ.ભ. ભરતભાઈ બાલુભાઈ વાછડીયા (નિકોલ), શ્રી રાધાકૃષ્ણદેવ પ્રસન્નાર્થે પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **અષાઢ વદ-૧૩** કેતનભાઈ રાવજીભાઈ પટેલ (ઝુંડાલ). **અષાઢ વદ-૧૪** પ.ભ. જીતેન્દ્ર માવજી ખીમાણી (દહીંસરા-કચ્છ), અ.નિ. વિનોદચંદ્ર ઈશ્વરભાઈ પટેલ (ઝુંડાલ). **અષાઢ વદ-૩૦** પ.ભ. સોની નરેન્દ્ર દશરથલાલ (અમદાવાદ), અ.નિ. કાશીબેન દુર્લભભાઈ વેકરીયા (અમદાવાદ), પ.ભ. હિંમતભાઈ તળસીભાઈ ખોખાણી (મોટી વાવડી), પ.ભ. હરિશભાઈ નરસિંહભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. આકાશ હસમુખભાઈ પટેલ (માણસાવાળા)

## સંપ્રદાયનું ગૌરવ

આપણા ન્યુઝીલેન્ડ ઓકલેન્ડના શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલના પત્નિ શ્રીમતિ રંજના પટેલને સર્વોચ્ચ એવોર્ડ **NZ BHOF (BUSINESS HALL OF FAME)** થી સન્માનિત કરવામાં આવ્યા છે. જેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી આશીર્વાદ સાથે શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી છે.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





ગણેશ ચતુર્થીના શ્રી ગણપતિજી પૂજન આરતી ઉતારતા અને
આપણા કાલુપુર મંદિરમાં આ વર્ષે નાળીયેરની કાચલીમાં શ્રી ગણપતિજીની દ્રશ્ય
રચના કરવામાં આવી હતી તેની આરતી ઉતારતા પ .પૂ.આચાર્ય મહારાજશ્રી




અચારડા (મૂળી પ્રદેશ) ગામે હનુમાનજીના પૂજન બાદ સત્સંગસભાને સંબોધતા
મૂળીમંદિરના મહંત સ્વામી



આપણા છપિયા મંદિરમાં ચાલતા નવા સંકુલની કામગીરીને નિહાળી
પ.ભ.કરશનભાઈ સાથે સલાહ સૂચન કરતા પ.પૂ.શ્રી રાજા



મૂળી મંદિરમાં જલઝીલણીનો વરઘોડો



જેતલપુર મંદિરમાં જલઝીલણીનો વરઘોડો




આપણા ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) મંદિરના પ્રેસીડેન્ટ
પ.ભ.શ્રી ડો.કાંતિભાઈ પટેલના ધર્મપત્નીને
ન્યુઝીલેન્ડના સર્વોચ્ચ નાગરિક સન્માનથી
સન્માનિત કરવામાં આવ્યા તે પ્રસંગે સમગ્ર ધર્મકુળે
તેમને શુભેચ્છા પાઠવી હતી.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026




કોલોનિયા (અમેરિકા) મંદિરના ૧૯ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ સભાને આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





## નવા વર્ષના કેલેન્ડર-દટ્ટા પ્રકાશિત થઈ ગયા છે વહેલાસર મેળવી લેવા

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા અને તેમણે જ પસંદ કરેલ અલૌકિક દર્શનીય સુંદર નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે (આપણા નાના-મોટા દરેક મંદિરોએ આજ કેલેન્ડર બનાવવામાં આવશે જેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર રહેશે નહી) આપણા મંદિરમાં પ્રાપ્ત થશે. સાથે નવા વર્ષના સુંદર દટ્ટા પણ પ્રકાશિત થઈ ગયા છે. વહેલાસર મેળવી લેવા તથા મંદિરના માટે જે હરિભક્તોને કેલેન્ડર બનાવવા હોય તેમણે નીચેના મોબાઈલ પર સંપર્ક કરવો.

**કાલુપુર મંદિર કોઠાર ઓફિસ**
બાલુ સ્વામી મો. : ૯૪૨૭૦૭૦૩૭૧
શ્રી સુરેશભાઈ મો. : ૯૧૭૩૦૮૯૦૩૦
શ્રી જમાલભાઈ મો. : ૭૯૯૦૫૧૯૪૭૮
કેલેન્ડરની કિંમત
રૂા. ૮-૦૦ મંદિર માટે

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ**
શ્રી વિપુલભાઈ મો. : ૯૭૨૫૪૪૯૨૮૮
શ્રી પ્રયાગભાઈ મો. : ૯૪૨૯૦૬૭૫૮૪
જાહેરાત માટેની
કિંમત રૂા. ૧૦-૦૦

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ એક


Praful Kharsani